ગુજરાતની સહકારી પ્રવૃત્તિનું મુખપત્ર

# સહકાર

દર મહિનાની પાંચમી અને વીસમીએ પ્રગટ થતું પાક્ષિક

International Year of Cooperatives 2025

ગુજરાત રાજ્ય સહકારી સંઘ, 'સહયોગ' રિલીફ રોડ, અમદાવાદ-380 001 • Fax No. (079) 25351360 • Phone : 25352220 • Email : sahakarguj1850@gmail.com

સંપાદક મંડળ : ઘનશ્યામભાઈ એચ. અમીન ▪ ભીખાભાઈ ઝ. પટેલ ▪ તંત્રી : ડો. રાજેન્દ્ર સી. ત્રિવેદી ▪ વર્ષ : 73 ▪ અંક : 02 ▪ તારીખ : 20, એપ્રિલ, 2025 ▪ વાર્ષિક લવાજમ રૂપિયા 80.00 ▪ કિંમત રૂ. 3.00

SAHAKAR GUJARATI FORT-NIGHTLY RNI NO. 1850/57 Regd under postal Regn. No. GAMC-105/2024-2026 valid upto 31-12-2026 issued by the SSPO's, Ahmedabad city on permitted to post at and AHMD PSO on 5th and 20th of every month. License to post without prepayment of postage No. PMG/NG/026/2024-2026 valid upto 31-12-2026.

ઈનોવેશનની ધરતી બનતું ભારત...

## દેશને વિકસિત રાષ્ટ્ર બનાવવાનું સપનું અને સંકલ્પ દરેક ભારતીયનો હોવો જોઈએ: શ્રી નરેન્દ્રભાઈ મોદી

ન્યૂ દિલ્હી : ભારત મંડપમ્ દિલ્હી ખાતે આયોજિત એનએક્સટી કોન્ક્લેવમાં પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ કહ્યું કે ભારતની આકાંક્ષા દરેક વૈશ્વિક પ્લેટફોર્મ પર પોતાનો ધ્વજ ઊંચો લહેરાતો જોવાની છે અને દેશ આ વિચાર સાથે આગળ વધી રહ્યો છે. દેશને વિકસિત રાષ્ટ્ર બનાવવાનું સપનું અને સંકલ્પ દરેક નાગરિક અને ઉદ્યોગ સાહસિકમાં હોવો જોઈએ. દુનિયાભરના દરેક બજાર, ડ્રોઈંગ રૂમ અને ડાઈનિંગ ટેબલ પર એક ભારતીય બ્રાન્ડ દેખાય તે દિશામાં દેશમાં કામ થઈ રહ્યું છે. થોડા વર્ષો પહેલા જ પીએમશ્રી મોદીએ દેશ સમક્ષ 'વોકલ ફોર લોકલ' અને 'લોકલ ફોર ગ્લોબલ'નું વિઝન રજૂ કર્યું હતું. આજે આ સપનું સાકાર થતું દેખાઈ રહ્યું છે. ભારતના આયુષ ઉત્પાદનો અને યોગ લોકલથી ગ્લોબલ થઈ ગયા છે. પીએમશ્રી મોદી ઈચ્છે છે કે 'મેડ ઈન ઈન્ડિયા'નો મંત્ર સમગ્ર વિશ્વમાં છવાઈ જાય. જ્યારે લોકો બીમાર હોય ત્યારે 'હીલ ઈન ઈન્ડિયા' વિશે વિચારે, જ્યારે તેઓ લગ્નનું આયોજન કરી રહ્યા હોય, ત્યારે 'વેડ ઈન ઈન્ડિયા' વિશે વિચારે.

ભારતે ગ્લોબલ સાઉથને મજબૂત અવાજ આપ્યો છે અને દ્વાપ રાષ્ટ્રોના હિતોને પ્રાથમિકતા આપી છે. જળવાયુ સંકટને દૂર કરવા માટે ભારતે દુનિયાની સામે મિશન લાઈફ વિઝન રજૂ કર્યું છે. આંતરરાષ્ટ્રીય સૌર જોડાણ અને આપત્તિ સ્થિતિસ્થાપક માળખા માટે ગઠબંધન

અનુસંધાન પાના નંબર : 2

▪ દુનિયાને ઝીરોનો કોન્સેપ્ટ આપના ભારત આજે અનંત ઈનોવેશનની ધરતી બની રહ્યું છે. આ જ કારણ છે કે ભારત આજે વિશ્વની નવી ફેક્ટરીના રૂપમાં ઉભરી રહ્યું છે, હવે દેશના લોકો ફક્ત કાર્યબળ નહીં, પરંતુ વિશ્વ શક્તિ છે. 21મી સદીના ભારત પર આખી દુનિયાની નજર છે. દુનિયાભરના લોકો ભારત આવવા માગે છે, ભારતને સમજવા માગે છે. ભારતમાં રોજ નવા રેકોર્ડ બની રહ્યા છે. સાથે જ સેમીકંડક્ટરથી લઈને એરક્રાફ્ટ કેરિયર સુધીના ક્ષેત્રમાં ભારતમાં ખૂલી રહ્યો છે વિકાસનો નવો માર્ગ...

▪ આપણે વોકલ ફોર લોકલ અને લોકલ ફોર ગ્લોબલના વિઝનને વાસ્તવિકતામાં પરિવર્તિત થતા જોઈ રહ્યા છીએ. આપણા આયુષ ઉત્પાદનો અને યોગ, લોકલથી ગ્લોબલ થઈ ગયા છે. આજે ભારતનું સુપરફૂડ, આપણા મખાના, લોકલથી ગ્લોબલ થઈ ગયા છે. ભારતના શ્રીઅન્ન પણ લોકલથી ગ્લોબલ થઈ ગયા છે.
• શ્રી નરેન્દ્રભાઈ મોદી, પ્રધાનમંત્રી

▪ 60%થી વધુ વિશ્વની હળદરની સપ્લાઇ કરે છે. ભારત

▪ 12 લાખ રૂપિયા સુધીની આવકને કરમુક્ત કરી દેવામાં આવી દેશમાં



### કોન્ક્લેવમાં પીએમશ્રી મોદીનું આ બાબતો પર રહ્યું ફોકસ...

▪ સેમિકંડક્ટરથી લઈને એરક્રાફ્ટ કેરિયર સુધી બધું જ ભારતમાં બનાવવામાં આવી રહ્યું છે. ▪ આજે આયુષ ઉત્પાદનો અને યોગ, લોકલથી ગ્લોબલ થઈ ગયા છે. ભારતના સુપરફૂડ, કોફી, બાજરી - શ્રી અન્ન અને મખાના લોકલથી ગ્લોબલ થઈ ગયા છે. ▪ ભારત વિશ્વનો સાતમો સૌથી મોટો કોફી નિકાસકાર દેશ બની ગયો છે. ▪ ભારતના મોબાઈલ, ઈલેક્ટ્રોનિક પ્રોડક્ટ, દવાઓ વૈશ્વિક ઓળખ બનાવી રહ્યા છે. ▪ ભારત વિશ્વની નવી ફેક્ટરી બની રહ્યું છે. આપણે ફક્ત કાર્યબળ જ નહીં પણ એક વર્લ્ડ ફોર્સ બની રહ્યા છીએ. ▪ ભારત જે વસ્તુઓની આયાત કરતું હતું, આજે એવી વસ્તુઓનું એક ઉભરતું નિકાસ કેન્દ્ર બની રહ્યું છે. ▪ ખેડૂતોના પાક વિશ્વભરના બજારો સુધી પહોંચી રહ્યા છે. ▪ પુલવામાના બરફના વટાણા, મહારાષ્ટ્રના પુરંદરના અંજીર અને કાશ્મીરના ક્રિકેટ બેટની માંગ હવે દુનિયામાં વધી રહી છે. ▪ ભારતના સંરક્ષણ ઉત્પાદનો વિશ્વ સમક્ષ ભારતીય એન્જિનિયરિંગ અને ટેક્નોલોજીની શક્તિનું પ્રદર્શન કરી રહ્યા છે. ▪ છેલ્લા દશકમાં પહેલીવાર અઢી કરોડથી વધુ પરિવારો સુધી વીજળી પહોંચી. ▪ દેશમાં ઈન્ટરનેટ ડેટા સસ્તો થયો, જ્યારે મોબાઈલ ફોનની માંગ વધી. ▪ હવે તમે થોડી જ ક્ષણોમાં ITR ફાઈલ કરી શકો છો અને થોડા દિવસોમાં રિફંડ પણ સીધા તમારા ખાતામાં જમા થઈ જાય છે. ▪ વિશ્વને ઝીરોનો કોન્સેપ્ટ આપનાર ભારત આજે અનંત ઈનોવેશનની ભૂમિ બની રહ્યું છે. ▪ કોવિડ રોગચાળા દરમિયાન દેશની વેક્સીને વિશ્વને ભારતના ગુણવત્તાયુક્ત હેલ્થ કેરના ઉકેલોનું મોડેલ આપ્યું. ▪ 2025-26ના બજેટમાં 50 હજાર નવી અટલ ટિંકરિંગ લેબ્સની જાહેરાત.

કેન્દ્રીય ગૃહ અને સકારિતા મંત્રીના હસ્તે ઈફ્કોના કલોલ સ્થિત નવા બીજ સંશોધન કેન્દ્રનો શિલાન્યાસ

## શતાબ્દી કૂચમાં ઈફ્કો આધુનિક ખેતી, ઉત્પાદક્તા, પર્યાવરણ સંરક્ષણના પાસા ઉમેરશે : શ્રી અમિતભાઈ શાહ

### બીજી હરિતક્રાંતિમાં ઈફ્કોની સહભાગિતા સર્વોચ્ચ હશે : મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ

ગાંધીનગર : કેન્દ્રીય ગૃહ અને સહકારિતા મંત્રીશ્રી અમિતભાઈ શાહે રામનવમીના પાવન દિને કલોલ ખાતે ઈફ્કો માતૃ એકમ અને સૌ પ્રથમ યુરિયા નિર્માણ સંકુલની સુવર્ણ જયંતી ઉજવણી પ્રસંગે ઈફ્કોના નવા બીજ સંશોધન કેન્દ્રનો શિલાન્યાસ કર્યો હતો. આ પ્રસંગે મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ, કૃષિમંત્રીશ્રી રાઘવજી પટેલ,સહકારી રાજ્યમંત્રીશ્રી જગદીશભાઈ વિશ્વકર્મા, ઈફ્કોના ચેરમેનશ્રી દિલીપભાઈ સંઘાણી સહિતના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. સહકારિતા મંત્રીશ્રી અમિતભાઈ શાહે ઈફ્કોની પચાસ વર્ષની ગૌરવશાળી યાત્રા એ ન કેવળ ભારત, પરંતુ સમગ્ર વિશ્વમાં કો-ઓપરેટિવ અને કોર્પોરેટ સંસ્કારના સમન્વય કેવા પરિણામો આપી શકે તેનું મોટું ઉદાહરણ પૂરું પાડ્યું છે, તેમ જણાવ્યું હતું.

કેન્દ્રીય મંત્રીશ્રીએ વિશ્વાસ વ્યક્ત કર્યો હતો કે, ઈફ્કોની 50 વર્ષની ગૌરવયાત્રા ખેતી, ઉત્પાદન, ગ્રામીણ અર્થતંત્ર અને ખેડૂતોની સમૃદ્ધિને સમર્પિત રહી હતી, એને યથાવત રાખી હવે શતાબ્દી તરફની કૂચમાં આધુનિક ખેત પદ્ધતિ, ખેત ઉત્પાદન વૃદ્ધિ, જમીન અને પર્યાવરણ સંરક્ષણના પાસા પણ જોડીને ખેડૂતો પ્રત્યેની સમર્પિતતા પર વધુ ભાર અપાશે.

સહકારિતા મંત્રીશ્રીએ જણાવ્યું કે, ઈફ્કોની માલિકી લાખો ખેડૂતો અને હજારો સહકારી મંડળીઓ છે, પરંતુ તેનો કારભાર કોર્પોરેટ કંપનીની જેમ જ રહ્યો છે. 'ખેડૂતોને મદદ કરવાની ભાવના પરંતુ તેની સાથે રિસર્ચ, બ્રાન્ડિંગ, ઘર ઘર સુધી પ્રોડક્ટ પહોંચાડવાની કામગીરી કોઈ કોર્પોરેટ કંપનીને શરમાવે એવી રીતે ઈફ્કોએ સંચાલન કર્યું છે. આજે ખાદ્યાન્ન ક્ષેત્રે ભારત આત્મનિર્ભર છે એમાં ઈફ્કોની મહત્ત્વપૂર્ણ ભૂમિકા છે. ઈફ્કોએ ખેડૂતોને ફર્ટિલાઈઝર સાથે જોડ્યા અને ફર્ટિલાઈઝરને કો-ઓપરેટિવ સાથે જોડ્યું. આ રીતે ઈફ્કો પચાસ વર્ષની ગૌરવપૂર્ણ કામગીરી સાથે ઊભું છે અને મને વિશ્વાસ છે કે શતાબ્દી મનાવશે ત્યારે ઈફ્કોનો દુનિયાભરની સહકારી સંસ્થાઓમાં ડંકો વાગશે.

આજે ઈફ્કો ત્રણ રાજ્યમાં પાંચ સ્થળોએ કાર્યરત છે, જેનું વાર્ષિક ટર્નઓવર રૂ. 40,000 કરોડ અને નફો રૂ. 3,200 કરોડનો છે. આ આંકડા 50 વર્ષની સતત મહેનત અને પરિવર્તનના સાક્ષી છે. આગામી સમયમાં આજે જેનું ભૂમિપૂજન થયું તે બીજ અનુસંધાન કેન્દ્ર ફળદ્રુપ બીજોનું સંવર્ધન કરશે અને ઉચ્ચ ગુણવત્તાના બીજોની રક્ષા કરશે. જે આવનારા સમયમાં ખેડૂતોની સમૃદ્ધિનું મોટું કારણ બનશે, તેવો શ્રી શાહે વિશ્વાસ વ્યક્ત કર્યો હતો.

પચાસ વર્ષ અગાઉ ઈફ્કોના કલોલ સંકુલમાં પહેલા ફર્ટિલાઈઝર એકમનું ભૂમિપૂજન થયું એ મોટી ક્રાંતિ ગણાતી હતી અને આજે તે રિસર્ચ અને ડેવલપમેન્ટથી નેનો ડીએપી અને યુરિયાના ઉત્પાદનમાં દેશમાં નંબર વન રહ્યું છે, તેમ કહી શ્રી શાહે ઉમેર્યું હતું કે, ઈફ્કોના મેનેજિંગ ડિરેક્ટર અવસ્થીની દૂરદર્શિતા અને સાતત્યપૂર્ણ પ્રયાસોથી આ નેનો યુરિયા અને ડીએપી વિશ્વભરમાં પહોંચતા થયા છે. ઈફ્કોએ તેની ઉત્પાદન ક્ષમતા પણ વધારી, ખેતર સુધી પહોંચ વધારી અને નવા પ્રયોગોને જમીન પર પણ ઉતાર્યા છે.




### કોર્પોરેટ કંપનીને શરમાવે તેવી ઈફ્કોની કામગીરી, દુનિયાભરની સહકારી સંસ્થાઓમાં ડંકો વાગશે

### દુનિયાની નંબર વન સંસ્થા બની...

ઈફ્કોના ચેરમેનશ્રી દિલીપભાઈ સંઘાણીએ સૌ મહાનુભાવોનું સ્વાગત કરતાં જણાવ્યું હતું કે, ગુજરાતે શાંતિ, સમૃદ્ધિ અને સલામતી સાથે સહકારિતામાં પણ ખૂબ મજબૂત પકડ બનાવી છે. ઈફ્કોના પહેલા ચેરમેન ઉદયભાણસિંહ, વૈકુંઠભાઇ, ત્રિભુવનકાકા જેવા મહાનુભાવોએ ભલે એ વખતે ઈતિહાસ રચ્યો હોય, પરંતુ સાત દશક પછી વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ સ્વતંત્ર સહકારિતા મંત્રાલય રચીને વર્તમાન સમયમાં ઈતિહાસ રચ્યો છે જેના પ્રથમ સહકારિતા મંત્રીશ્રી અમિતભાઈ શાહને બનાવાયા છે. તેમની કુનેહના કારણે એટલો સુંદર રીતે કો-ઓપરેટિવ મોડેલ બાયલોઝ તૈયાર કર્યો જેને દેશની તમામ રાજ્યોની સરકારોએ સ્વીકૃતી આપી છે. આજે ઈફ્કો દુનિયાની અગ્રેસર સંસ્થા બની છે.

### અમૂલનું બીજ આજે વટવૃક્ષ બની વિશ્વમાં નામ રોશન કરે છે

શ્રી અમિતભાઈએ નવી રચાનાર ત્રિભોવનદાસ સહકારી યુનિવર્સિટીની સ્થાપનાની પણ જાણકારી આપી હતી અને કહ્યું કે, સંસદમાં તેને લગતું બિલ રજૂ કર્યું ત્યારે મારે કહેવું પડ્યું કે, ત્રિભોવનકાકા આજીવન કોંગ્રેસી હતા. 'વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી કોણ કોંગ્રેસ, કોણ ભાજપ એ જોતાં નથી, કોનું કેટલું યોગદાન છે એ જોઈને દેશ ચલાવે છે, આજે એમણે સ્થાપેલી અમૂલનું બીજ વટવૃક્ષ બનીને વિશ્વમાં નામ કાઢ્યું છે, એ જ રીતે આ યુનિવર્સિટી સહકારિતાના દરેક ક્ષેત્રમાં આધુનિક શિક્ષણ અને પારદર્શિતા લાવવાનું કામ કરશે. સહકારિતા ચળવળમાં હવે આધુનિક એઆઇ જેવી ટેકનોલોજીનો ઉપયોગ કરી પચાસ વર્ષની દિશા નક્કી કરવાનું કામ યુનિવર્સિટીના તજજ્ઞો કરશે.

### ખેડુતો નેનો ફર્ટિલાઈઝર સાથે રસાયણિક ખાતરનો ઉપયોગ ન કરે : સહકારિતા મંત્રીશ્રીની અપીલ :

કેન્દ્રીય સહકારિતા મંત્રીશ્રી

અનુસંધાન પાના નંબર : 3

## NUCFDC શહેરી સહકારી બેંકોમાં પરિવર્તન લાવવા તૈયાર

રાજકોટ : અર્બન કો-ઓપરેટિવ બેંક શહેરોમાં આવેલી સહકારી બેંકો એ અમ્બ્રેલા ઓર્ગેનાઈઝેશન હેઠળ કામગીરીનો આરંભ કરી દીધો છે અને હવે આ ઓર્ગેનાઈઝેશને શહેરી સહકારી બેંકોની તાત્કાલિક જરૂરિયાતોને પૂર્ણ કરવા માટે આવશ્યક સેવાઓ પણ આપવા માંડી છે. નેશનલ અર્બન કો-ઓપરેટિવ ફાયનાન્સ એન્ડ ડેવલપમેન્ટ કોર્પોરેશન હવે અર્બન કો-ઓપરેટિવ બેંકોની કામગીરીમાં પરિવર્તન લાવવા તૈયાર છે. સહકાર વિભાગે તેને એક અમ્બ્રેલા તરીકેનો દરજ્જો આપ્યો છે.

રાજ્ય સભામાં કેન્દ્રીય પ્રધાનશ્રી અમિતભાઈ શાહે આ માહિતી આપતા કહ્યું હતુ કે, અમ્બ્રેલા ઓર્ગેનાઈઝેશન કોર બેંકિંગ સર્વિસ ઓફર કરશે, જે તમામ શહેરી સહકારી બેંકો માટે તૈયાર કરવામાં આવેલો મહત્વનો ઉકેલ છે. ટાયર ટુ, વન કે યુનિટ બેંકોને તે લાગુ પડે તે માટેનું છે. ઓર્ગેનાઈઝેશન અત્યારે કાનૂની સલાહકાર સેવાઓ પૂરી પાડી રહ્યું છે, જે બેંકો દ્વારા જરૂરી મૂળભૂત કરારો માટે માહિતી આપે છે.

જટીલ કરારોની જાણકારી ખર્ચાળ હોવા છતાં તેની કિંમત બજાર દર કરતા ઓછી રાખવામાં આવી છે. આ ઓર્ગેનાઈઝેશનની બીજી મુખ્ય સેવા સહકારિતાનું પાલન કરવાની છે. સીબીએસ, સાયબર સુરક્ષા અને આઈટી બાબતે વિવિધ પાસાઓમાં

અનુસંધાન પાના નંબર : 2



અમ્બ્રેલા ઓર્ગેનાઈઝેશન કોર બેંકિંગ સર્વિસ ઓફર કરશે, જે તમામ શહેરી સહકારી બેંકો માટે તૈયાર કરવામાં આવેલો મહત્વનો ઉકેલ છે

## ATMમાંથી ફ્રી લિમિટથી વધુ પૈસા ઉપાડવાનું મોઘું થશે

મુંબઈ : ભારતીય રિઝર્વ બેન્કે પહેલી મેથી ATMમાંથી પૈસા ઉપાડવાના ચાર્જને પ્રતિ ટ્રાન્ઝેક્શન રૂા. 2 વધારીને રૂા. 23 કરવાની બેન્કોને પરવાનગી આપી છે. ગ્રાહકો હાલમાં તેમની પોતાની બેન્કના એટીએમમાં દર મહિને પાંચ ફ્રી ટ્રાન્ઝેક્શન કરી શકે છે. આ ફ્રી ટ્રાન્ઝેક્શન ઉપરાંતના ટ્રાન્ઝેક્શન પર આ ચાર્જ લાગુ પડશે. ગ્રાહકો હાલમાં દર મહિને મેટ્રો સેન્ટરોમાં બીજી બેન્કોના એટીએમમાં ત્રણ અને નોન મેટ્રો સેન્ટરોમાં પાંચ ફ્રી ટ્રાન્ઝેક્શન (ફાઈનાન્શિયલ અને નોન ફાઈનાન્શિલય) કરી શકે છે. RBIએ એક પરિપત્રમાં જણાવ્યું હતું કે આ ફ્રી ટ્રાન્ઝેક્શન ઉપરાંતના પ્રતિ ટ્રાન્ઝેક્શન દીઠ મહત્તમ 23 નો ચાર્જ વસૂલવામાં આવી શકે છે. જે 1 મે, 2025 થી અમલમાં આવશે.



## ભારતમાં કુલ બેન્ક એકાઉન્ટ્સમાંથી 39.2 ટકા ખાતાઓ મહિલાઓનાં છે

નવી દિલ્હી : દેશના કુલ બેન્ક ખાતાઓમાં 39.2 ટકા ખાતા મહિલાઓના છે જ્યારે ભારતમાં બેન્ક ખાતાઓમાં જમા રકમમાં મહિલાઓનું યોગદાન 39.7 ટકા છે તેમ સરકાર દ્વારા માહિતી આપવામાં આવી હતી. સરકારે જણાવ્યું હતું કે ગ્રામીણ વિસ્તારોમાં ખુલેલાં બેન્ક ખાતાઓમાં મહિલાઓની હિસ્સેદારી 42.2 ટકા છે. પાછલા કેટલાક વર્ષો દરમિયાન મહિલાઓના ડિમેટ એકાઉન્ટ્સમાં પણ વૃદ્ધિ જોવા મળી છે કે જે શેરબજારમાં તેમની વધતી જતી ભાગીદારી દર્શાવે છે. 2021થી 30 નવેમ્બર 2024 દરમિયાન ડિમેટ એકાઉન્ટ્સની કુલ સંખ્યા 3.32 કરોડથી વધીને 14.30 કરોડ પહોંચી ગઇ હતી જે ચાર ગણા કરતાં પણ વધુની વૃદ્ધિ દર્શાવે છે. આ મોરચે પુરુષ ખાતાધારકોની સંખ્યા સતત વધુ રહી છે પણ તેની સાથે મહિલાઓની ભાગીદારીમાં વૃદ્ધિનો ટ્રેન્ડ જોવા મળી રહ્યો છે. મિનિસ્ટ્રી ઓફ સ્ટેટિસ્ટિક્સ એન્ડ પ્રોગ્રામ ઇમ્પ્લિમેન્ટેશન(MOSPI) અનુસાર આ ગાળા દરમિયાન પુરુષોના ડિમેટ ખાતાની સંખ્યા 2.65 કરોડથી વધીને 11.53 કરોડ થઇ ગઇ હતી.



પાછલાં કેટલાંક વર્ષો દરમિયાન મહિલાઓનાં ડિમેટ ખાતામાં પણ વૃદ્ધિ

### મહિલા ઉદ્યોગ સાહસિકોની સંખ્યા વધી

સત્તાવાર ડેટા અનુસાર વર્ષ 2021-22, 2022-23 અને 2023-24 દરમિયાન મેન્યુફેક્ચરિંગ, વ્યાપાર તથા અન્ય સર્વિસ ક્ષેત્રમાં મહિલાઓના સ્વામિત્વ ધરાવતા એસ્ટાબ્લિશમેન્ટની ટકાવારીમાં વધારો જોવા મળ્યો છે. પાછલા કેટલાક વર્ષોમાં ડીપીઆઈઆઈટી દ્વારા માન્યતા પ્રાપ્ત હોય તેવા સ્ટાર્ટઅપની સંખ્યામાં વધારો જોવા મળ્યો છે કે જેમાં ઓછામાં ઓછી એક મહિલા ડિરેક્ટર છે.

## કઠલાલ તાલુકાની સહકારી મંડળીઓના હોદ્દેદારો અને કર્મચારીઓનો સહકારી સેમિનાર

# કોઈપણ સંસ્થાની પ્રગતિ અને વિકાસ માટે સભાસદો–સંચાલકો અને કર્મચારીઓનો ત્રિવેણી સંગમ અગત્યનો ભાગ ભજવે છે : મા.શ્રી રાજેશભાઈ એમ. ઝાલા

કઠલાલ : ગુજરાત રાજ્ય સહકારી સંઘની સહકારી શિક્ષણ યોજના અંતર્ગત ખેડા જિલ્લા સહકારી સંઘ,નડિયાદના ઉપક્રમે કઠલાલ તાલુકાની સહકારી મંડળીઓના હોદ્દેદારો અને કર્મચારીઓનો સહકારી સેમિનાર કઠલાલ મુકામે સંઘના અધ્યક્ષશ્રી રાજેન્દ્રભાઈ પટેલના પ્રમુખપણા નીચે યોજવામાં આવ્યો.સદર સેમિનારના ઉદઘાટક અને કઠલાલ-કપડવંજ વિધાનસભાના ધારાસભ્ય મા.શ્રી રાજેશભાઈ એમ. ઝાલા એ ઉપરોક્ત વિગતે જણાવતાં દૂધ મંડળીની ચૂંટણી લડવી અને વહીવટ કરવો તે માટે સહન કરવું પડે છે.આ માટે સભાસદો-સંચાલકો અને કર્મચારીઓનો ત્રિવેણી સંગમના પ્રયત્નથી સંસ્થાની પ્રગતિ અને વિકાસ શક્ય બને છે.આપણા દેશના લોક લાડીલા વડાપ્રધાન મા.શ્રી નરેન્દ્રભાઈ મોદી એ સહકાર મંત્રાલય ઊભું કરી દેશના ગૃહમંત્રી મા.શ્રી અમિતભાઈ શાહે દેશના પ્રથમ સહકાર મંત્રી બનાવી સહકાર ધ્વારા સમૃધ્ધિ ના મંત્ર સાથે ગામડાનો વિકાસ થાય અને મારું ગામ સહકારી ગામ બનાવવાનું શુભ કાર્ય આરંભ્યુ છે. આ માટે સહકારી મંડળીઓમાં જાગૃત સંચાલકો ચૂંટાય તે જરૂરી છે.

સેમિનારના મુખ્ય મહેમાન અને ખેડા જિલ્લા સહકારી સંઘના પૂર્વ અધ્યક્ષ મા.શ્રી જયેશભાઈ પટેલે સેમિનારમાં સંબોધન કરતા જણાવ્યું હતુ કે સહકારથી સમૃધ્ધિના મંત્ર સાથે 'આત્મનિર્ભર ભારત- આત્મનિર્ભર ખેતી' ના સૂત્ર સાથે સહકારી સંસ્થાઓ દ્વારા જ નાના માણસો માટે રોજગારનું સર્જન થશે. ખેડૂતોની સાથે નાના–નાના ઉદ્યોગ સાહસિકોને પણ આત્મનિર્ભર બનાવવામાં આવશે.સમગ્ર રાષ્ટ્રમાં ગુજરાતે સર્વ ક્ષેત્રમાં સહકારી પ્રવૃતિને વિસ્તારી છે.ભારત સરકારના સહકાર મંત્રાલય ધ્વારા સહકારી શિક્ષણનો વ્યાપ વધે તેને આગવી ઓળખ મળે તેમજ સહકાર ક્ષેત્રે યુવાનોની ભાગીદારી વધે તે માટે સહકાર યુનિવર્સિટી બનાવવાની તૈયારી થઈ રહેલ છે.મંડળીઓના વહીવટ અંગે પણ અધ્યતન માહિતી આપી હતી.

સેમિનાર યોજવા માટેનો ઉદ્દેશ જણાવતા સંઘના સહકારી શિક્ષણ



અધિકારી શ્રી પી.એમ.પરમારે સહકારી પ્રવૃત્તિની શરૂઆત, સહકારી શિક્ષણના સિધ્ધાંતની વિસ્તૃત સમજ આપી હતી. તેમજ સહકારી કાયદાની કલમ-65 થી 70 સુધીની વિસ્તૃત માહિતી સાથે જિલ્લા સંઘની કામગીરી અંગે માહિતી પૂરી પાડી હતી.

સેમિનારમાં પ્રાસંગિક પ્રવચન રાજ્ય સંઘના આસિ. એક્ઝિક્યુટિવ ઓફિસર અને તાલીમ કેન્દ્રના ઈનચાર્જ પ્રિન્સિપાલ શ્રી શીતલભાઈ ભટ્ટે રાજ્ય સહકારી સંઘ અને જિલ્લા સંઘની કામગીરીની વિસ્તૃત માહિતી સાથે તાલીમકેન્દ્રમાં ચાલતા ડી.સી.એમ કોર્ષ અંગે માહિતી આપી હતી. સેમિનારની શરૂઆત સંઘના મહિલા સી.ઈ.આઈ બીજલબેન ભાવસાર અને હર્ષાબેન વાઘેલા દ્વારા પ્રાર્થનાથી કરવામાં આવી હતી.સેમિનારમાં આવેલા સર્વે મહાનુભાવોનું શાબ્દિક સ્વાગત સંઘના માનદમંત્રીશ્રી અર્જુનસિંહ જે.વાઘેલા કર્યુ હતું.

સેમિનારમાં પધારેલ સર્વે મહેમાનોનું સ્વાગત સાથે ખેડા જિલ્લા સહકારી સંઘ તરફથી કઠલાલ તાલુકામાં સારું કામ કરતી શ્રેષ્ઠ પાંચ મંડળીઓને સ્મૃતિ ચિહન (1) મીરઝાપુર દૂધ ઉત્પાદક સહકારી મંડળી લિ.(2) ડોડીયાકુઈ દૂધ ઉત્પાદક સહકારી મંડળી લિ.(3) બદલપુર દૂધ ઉત્પાદક સહકારી મંડળી લિ.(4) લાડવેલ દૂધ ઉત્પાદક સહકારી મંડળી લિ.(5) લક્ષ્મીપુરા ચરેડ દૂધ ઉત્પાદક સહકારી મંડળી લિ. એનાયત કરવામાં આવેલ. આભાર દર્શન સહકારી શિક્ષણ અધિકારી શ્રી પી.એમ.પરમારે કર્યુ હતું. સેમિનારનું સંચાલન ખેડા જિલ્લા સહકારી સંઘના સી.ઈ.આઈ શ્રી પ્રતિકકુમાર એમ. પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું.

## યુવા નેતા શ્રી મનીષભાઈ સંઘાણીના માર્ગદર્શન હેઠળ

# ન્યૂ દિલ્હી એન. સી. યુ. આઈ ખાતે અમરેલી જિલ્લાની મહિલાઓનો LDP કાર્યક્રમ યોજાયો

ન્યૂ દિલ્હી : ભારતીય રાષ્ટ્રીય સહકારી સંઘના સહયોગથી અમરેલી જિલ્લા સહકારી સંઘના અધ્યક્ષ શ્રી મનીષભાઈ સંઘાણીના માર્ગદર્શન હેઠળ અમરેલી જિલ્લા સહકારી સંઘ દ્વારા અમરેલી જિલ્લાની વિવિધ સહકારી મંડળીઓ અને સખી મંડળોની 43 બહેનો એન. સી. યુ. આઈ. ન્યૂ દિલ્હી ખાતે 3 દિવસીય લીડર શીપ ડેવલોપમેન્ટ પ્રશિક્ષણ હેતુ મોકલવામાં આવી. આ કાર્યક્રમ શ્રી મનીષભાઈ સંઘાણી, FPO ડાયરેક્ટર શ્રીમતી ધારા સંઘાણી એન. સી. યુ. આઈ.ના ચીફ એક્ઝિક્યુટિવ શ્રી સાવિત્રીજી સિંહ, શ્રી ઈન્દ્રપ્રિત કોર, શ્રી હેમત યાદવ, શ્રી ગોવિંદ પ્રકાશ અમરેલી જિલ્લા સહકારી સંઘના ડાયરેક્ટર શ્રી અલ્પાબેન રામાણી, એક્ઝિક્યુટિવ ઓફિસર શ્રી ભાર્ગવ ત્રિવેદીની ઉપસ્થિતિમાં તાલીમનો શુભારંભ કરવામાં આવ્યો હતો.

આ 3 દિવસીય તાલીમ દરમિયાન અમરેલી જિલ્લાની 43 મહિલાઓને વિવિધ વિષય નિષ્ણાંતો દ્વારા પ્રશિક્ષણ આપવામાં આવ્યું હતું.

જેના કારણે બહેનોમાં પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીજીના સૂત્ર સહકારથી સમૃદ્ધિ અને સમૃદ્ધિથી આત્મા નિર્ભરતા સાર્થક થશે ઉપરાંત આ મહિલાઓમાં તાલીમ લીધા બાદ સહકારી ક્ષેત્રમાં જાગૃતતા આવશે અને પોતાનામાં રહેલી ક્ષમતા ઓથી પોતાના પગ પર ઊભા રહેવા માટે સક્ષમ થશે.




## દેશના ઠંડા પ્રદેશને સહકારિતાનું આવરણ

# સિક્કિમના ગંગટોક ખાતે NCUI દ્વારા સહકારિતા સંવર્ધન વિકાસ પરિષદ યોજાઈ




રાજ્ય સ્તરીય પરિષદનું ઉદઘાટન કરતા મુખ્યમંત્રીશ્રી પ્રેમ સિંહ તમાંગ, શ્રી દિલીપભાઈ સંઘાણીની ઉપસ્થિતિ

રાજકોટ : દેશના વિકાસનું પ્રમુખ પીઠબળ કૃષિ અને સહકારને દેશના પ્રવાસન ક્ષેત્ર એવા સિક્કિમ રાજ્યના વિકાસમાં મહત્વની ભૂમિકા નિભાવવા તત્પર છે, તેમ ભારત દેશના ઠંડા સરહદી પ્રદેશના પાટનગર ગંગટોક ખાતે એનસીયુઆઈ આયોજિત સહકારિતા સંવર્ધન કાર્યશાળાને સંબોધતા અધ્યક્ષશ્રી દિલીપભાઈ સંઘાણીએ જણાવ્યું હતું. તેઓએ વધુમાં, પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદી અને સહકાર મંત્રી અમિતભાઈ શાહ સહકારી પ્રવૃત્તિ વધુમાં વધુ લોકભોગ્ય અને સક્ષમ બને. તેમણે ખેડૂતો તંદુરસ્ત ખેત ઉત્પાદન મેળવે, જમીન રસાયણમુકત બને તે દિશામા અસરકારક પહેલ કરવા પર ભાર મૂક્યો હતો.

સિક્કિમ ક્ષેત્રના વિકાસમાં સહકારને સામેલ કરી કૃષિ, પશુપાલન, પ્રવાસન અને આત્મનિર્ભર યોજનાઓને ગતિશીલ બનાવવા આવાહન કરવા સાથે પ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના સ્વપ્ન સહકાર થી સમૃધ્ધિ તરફ આગળ વધવા શ્રી સંઘાણીએ જણાવ્યું હતું. સિક્કિમ ક્ષેત્રમાં સહકારી પ્રવૃતિ પણ સારો વિકાસ જોઈ રહી છે અને તેથી તે દિશામાં સહકારી સંવર્ધન કાર્યશાળાઓ અગ્રીમ ભૂમિકા નિભાવશે તેવો વિશ્વાસ વ્યક્ત કર્યો હતો.

સહકારિતા વિકાસ પરિષદનું ઉદઘાટન સિક્કિમના મુખ્યમંત્રીશ્રી પ્રેમ સિંહ તમાંગ દ્વારા કરવામાં આવ્યું હતું. આ તકે સિક્કિમના સહકાર મંત્રીશ્રી અરૂણકુમાર સહિત ગણમાન્ય મહાનુભાવોની ઉપસ્થિતિ રહી હતી.

## અત્યાર સુધીમાં 8000 કિલો ફેબ્રિક અપસાઈક્લ કર્યું, દર મહિને મહિલાઓ 6000-7000 રૂપિયાની કમાણી કરે છે

# 'ઝીરો વેસ્ટ' પર કામ કરી રહી છે ગામની મહિલાઓ; વેસ્ટ કપડાંમાંથી વોશેબલ ટોય - બેગ બનાવે છે, જ્યારે કતરણનો ઉપયોગ કાગળમાં કરે છે

નવી દિલ્હી :'પહેલા કશે જવું હોય તો રિક્વેસ્ટ કરવી પડતી, હવે બસ વાત કરીને જતા રહીએ છીએ. ઉડવા લાગ્યા છીએ હવે, નહીં અટકીએ.' આમ કહેવું છે જયપુર પાસે આવેલા ગામ રામસર પાલાવાલાની ટીના શર્માનું, જે ક્યારેક ઘરની ચાર દીવાલ વચ્ચે બંધ હતી, પણ આજે. આત્મનિર્ભરતાની નવી ઉડાન ભરે છે. ટીના જેવી રામસર પાલાવાલાની ઘણી મહિલાઓ હવે જૂના ઉપયોગ કર્યા વિનાના કપડાના કચરામાંથી સુંદર પ્રોડક્ટ બનાવે છે અને આત્મનિર્ભર બની છે. માયસા જયપુર અને પીપલ અવેરનેસ નેટવર્ક સોસાયટી (પેન્સ) તેને હુનર અને બજાર ઉપલબ્ધ કરાવી ને માત્ર આર્થિક રીતે સશક્ત બનાવે છે, પણ કાપડ ઉદ્યોગના પ્રદૂષણને પણ ઘટાડે છે. માયસા જયપુરની સીઈઓ પિન્કી જૈન જણાવે છે કે જયપુરની ફેક્ટરીઓમાં 30% કાપડ ઉપયોગ કર્યા વિનાનું વેસ્ટ થાય છે. તેને એકઠું કરી ગામની મહિલાઓ વોશેબલ ટોય, બેગ, પેકેજિંગ મટિરિયલ બનાવે છે. આ બધુ બનાવવામાં જે કચરો નિકળે છે. તેનું પેપર બનાવી લેવાય છે, પછી તે પેપરની પોસ્ટકાર્ડ કે ડાયરી બને છે. અત્યાર સુધીમાં 8000 કિલો ફેબ્રિક અપસાઈકલ કરાયું છે. 30 મહિલાઓથી શરૂ થયેલી આ પહેલ સાથે હવે 124 મહિલાઓ જોડાઈ ગઈ છે. જે સંસ્થામાં પોતે લીડરશિપ લઈ રહી છે, એક્ઝિબિશન કરી રહી છે અને દર મહિને સરેરાશ 6000-7000 રૂપિયા કમાય છે. પેન્સ એનજીઓના જિતેન્દ્ર ભાટી જણાવે છે કે તે તેમને ડિજિટલ સ્કિલ્સ પણ શીખવે છે, જેથી તે તેની પ્રોડક્ટ્સને ઓનલાઈન વેચી શકે. આ પહેલ હવે જયપુરના હિંમતપુરા, ખોખાવાલા અને ઈસારવાલા જેવા ગામ સુધી ફેલાઈ છે.

પહેલા છૂટેલું ભણતર હવે પૂર્ણ કરી સંસ્થા માટે કરે છે બિઝનેસ પ્લાનિંગ: સીમાના લગ્ન 16 વર્ષની વયે થયા હતા અને ભણતર છૂટી ગયું હતું. સંસ્થા સાથે જોડાયા બાદ તેણે બીએ કર્યું, પછી ટ્યુશન કરાવ્યા અને આત્મનિર્ભર બની. હવે તે સંસ્થાનો ઓર્ડર લેવો, ઈવેન્ટ્રી સંભાળવી અને બિઝનેસ પ્લાનિંગ જેવા કામ સંભાળે છે. તે જણાવે છે, પહેલા તેના બાળકોને સરકારી સ્કૂલમાં ભણાવતી હતી, હવે તેની કમાણીથી બાળકોને પ્રાઈવેટ સ્કૂલમાં મૂક્યા છે. પહેલીવાર એકલી દિલ્હી ગઈ, ત્યારે અનુભવ્યું કે હવે હું સાચે મારા પગ પર ઊભી છું.

### પર્યાવરણ બચાવવામાં પણ મહત્વની ભૂમિકા ભજવે છે

ગામની આ મહિલાએ ન માત્ર આત્મનિર્ભર બની છે, પણ પર્યાવરણને બચાવવામાં પણ મુખ્ય ભૂમિકા ભજવે છે. સંયુક્ત રાષ્ટ્ર પર્યાવરણ કાર્યક્રમ અનુસાર, કાપડ ઉદ્યોગ દુનિયામાં પાણીનો સૌથી મોટો ઉપભોક્તા છે અને કુલ કાર્બન ઉત્સર્જનનો 10% ભાગ આમાંથી જ આવે છે. જે આંતરરાષ્ટ્રીય ફ્લાઈટ અને દરિયાઈશિપિંગથી પણ વધુ છે.

# વડોદરા જિલ્લા સહકારી સંઘ યોજિત સહકારી મંત્રી-મેનેજર તાલીમવર્ગ

ડભોઈ : ગુજરાત રાજ્ય સહકારી સંઘ અમદાવાદ દ્વારા ચાલતા સહકારી શિક્ષણ વર્ગો જેમાં વડોદરા જિલ્લા સહકારી સંઘ દ્વારા ડભોઈ તાલુકાના પીપટીયા, કમામે દૂ. ઉત્પા. સહ. મં. લિ.માં મંત્રી-મેનેજર તાલીમ વર્ગની અવેજમાં સહકારી કર્મચારી તાલીમ વર્ગ આયોજન કરવામાં આવ્યું હતું.

મંત્રી-મેનેજર તાલીમ વર્ગની અવેજમાં સહકારી કર્મચારી તાલીમ વર્ગ (6 દિવસ) ના પ્રોગામમાં ઉપસ્થિત શ્રી મનિષાબેન પરિખ, ગુજરાત રાજ્ય સહકારી સંઘ અમદાવાદ, મ. સમિતિ સભ્યશ્રીના પ્રમુખ સ્થાનેથી યોજાયો જેમાં શ્રી મનિષાબેન પરિખે સહકારી સંસ્થાઓ વિશે અને સહકારી સંસ્થાઓના વિકાસ વિશે અને નાના મોટા ગૃહઉદ્યોગો વિશે માહિતી આપી હતી.

આ વર્ગમાં ઉપસ્થિત ગુજરાત રાજ્ય સહકારી સંઘ, અમદાવાદના મહિલા સમિતિ, સભ્ય શ્રી મનિષાબેન પરિખ, પીપરીયા દૂ. મં. લિ. ના સેક્રેટરીશ્રી, કર્મચારીઓ હાજર રહ્યા હતા તેમજ આ વર્ગનું સંપૂર્ણ સંચાલન અને આભારવિધિ વડોદરા જિલ્લા સહકારી સંઘના મહિલા સી.ઈ.આઈ. શ્રી રેશ્માબેન ડી. પટેલે કરી હતી.

# મશરૂમની ખેતીથી સોરઠના યુવાને વાર્ષિક રૂ.દસ લાખની આવક મેળવી

જૂનાગઢ : વંથલી તાલુકાના બંધડાના વતની જતીનભાઈ સોલંકી એમ.એસસી, બી.એડ સુધીના અભ્યાસ બાદ 3 વર્ષ સુધી જામનગર ખાતે સારા એવા પગારથી કોર્પોરેટ કંપનીમાં નોકરી કરતા હતા. પરંતુ પોતે ખેડૂત પુત્ર હોવાના કારણે અને કૃષિ ક્ષેત્રે આગળ વધવા માટે વર્ષ 2017થી પ્રાકૃતિક કૃષિ શરૂ કરી હતી. વર્ષ 2022થી થાણાપીપળી ગામમાં મધુવંતી ફાર્મ ખાતે મશરૂમની ખેતી કરી રહ્યા છે. તેઓ વાર્ષિક રૂપિયા 10 લાખથી વધુનો ચોખ્ખો નફો મેળવી રહ્યા છે.

જતીનભાઈ સોલંકીએ જણાવ્યું હતું કે, મશરૂમની ખેતીના આરંભે ઘણી મુશ્કેલીનો સામનો કરવો પડ્યો હતો. સૌ પ્રથમ ડોમ ઉપર ભારે તાલપત્રી રાખી હતી અને ડોમનો ઢાળ ઓછો હોવાને લીધે તાલપત્રીમાં પાણી ભરાવા લાગ્યું હતું. ઉપરાંત ડોમની અંદર સ્થાનિક બામ્બુનો ઉપયોગ કર્યો હતો,જે પછી બદલાવીને કાનપુર, વલસાડથી લાવ્યા હતા. મશરૂમ ખૂબ જ સંવેદનશીલ પાક છે.તેનું યોગ્ય તાપમાન જળવાઈ નહીં તો પાક બગડી જાય છે.આ ઉપરાંત મશરૂમનું સ્થાનિક કોઈ માર્કેટ નથી. હાલ જૂનાગઢ જિલ્લામાં એકમાત્ર જતીનભાઈ મશરૂમની ખેતી કરી રહ્યા છે.

જતીનભાઈએ મશરૂમની ખેતીમાં સફળ થવા માટે જરૂરી અભ્યાસ - સર્વે કર્યો હતો. તેમણે પશ્ચિમ બંગાળ, ઓડીસા જેવા રાજ્ય કે જ્યાં સૌથી વધુ મશરૂમનું ઉત્પાદન થાય છે ત્યાંની મુલાકાત લીધી આઈસીએઆરમાં ત્રણ મહિનાની મશરૂમની ખેતી અંગેની તાલીમ બાદ સુરતના કેવીકેમાંથી પણ તાલીમ લીધી હતી. વર્ષ 2022 થી મશરૂમની ખેતી શરૂ કરી હતી. તેમણે શરૂઆતના સમયમાં મુશ્કેલી થઈ હતી, પરંતુ પછીથી સારી એવી કમાણી થઈ રહી છે. હાલમાં જતીનભાઈ તેમના ફાર્મમાં ઓઈસ્ટર મશરૂમ તેમજ સેજાર કાજુ નામની જાતના મશરૂમનું ઉત્પાદન કરી રહ્યા છે. ઉપરાંત ફ્લોરિડા, ગ્રેઓઈસ્ટર, બ્લુ ઓઈસ્ટર,લાઈટ ઓઈસ્ટરનું પણ ઉત્પાદન કરે છે.

# હાયર ડિપ્લોમા ઈન કો-ઓપરેટિવ મેનેજમેન્ટ કોર્ષ એડમિશન

ગાંધીનગર : ઉદયભાણસિંહજી ક્ષેત્રિય સહકારી પ્રબંધ સંસ્થાન દ્વારા ગાંધીનગર ખાતે નવ માસ નો પત્રાચાર હાયર ડિપ્લોમા ઈન કો-ઓપરેટિવ મેનેજમેન્ટ કોર્ષનો પ્રારંભ થવા જઈ રહ્યો છે. ઉપરોકત કોર્ષનો સમયગાળો તારીખ 11-07-2025 થી 10-04-2026 નો રહેશે. જેના માટે ઓછામાં ઓછો સ્નાતક કક્ષાનો અભ્યાસ હોવો જરૂરી છે. વાંચન સાહિત્ય હિન્દી અને ગુજરાતી ભાષામાં આપવામાં આવશે. આ કોર્ષની વધારે માહિતી અને ફોર્મ માટે નિયામક શ્રી,યુ.આર.આઈ. સી.એમ,સેક્ટર-30 ગાંધીનગરનો સંપર્ક કરવો અથવા ફોન નંબર -(079-23261715,23260492) અને શ્રીમતી નીલુ પાંડે, કોર્ષ નિયામકના મોબાઈલ નંબર -9586477450 તથા શ્રી જૈમિન પંડ્યા કોર્ષ સહાયક 9687403979 ઉપર સંપર્ક સાધવો. ફોર્મ સ્વીકારવાની છેલ્લી તારીખ 20 જૂન, 2025 છે.

NUCFDC શહેરી... પાના નંબર : 1નું અનુસંધાન

સહાય કરે છે.

આ ઓર્ગેનાઈઝેશને એક્સપ્રેશન ઓફ ઈન્ટરેસ્ટ (EOI) પણ જારી કર્યું છે. તેમાં સહકાર ક્લાઉડનો સમાવેશ થાય છે, જે ક્લાઉડ આધારિત ડેટા સેન્ટર બનાવવા માટે રચાયેલું છે. આ ઓર્ગેનાઈઝેશનની બીજી મહત્વની પહેલ સહકાર બોક્સ છે. જેનાથી નાની બેંકો પણ સસ્તી સાયબર સ્થિતિસ્થાપકતા, પુનઃપ્રાપ્તિ અને સુરક્ષા, આપત્તિ બેકઅપ સેવાઓનો ઉપયોગ કરી શકે છે. કરવેરા, ઓડિટ, ટ્રેઝરી, પાલન અને વ્યવસાય વિકાસ જેવા ક્ષેત્રોમાં બાહ્ય નિષ્ણાત સલાહ પૂરી પાડવા માટે સહકાર કાઉન્સિલ નિષ્ણાત પેનલની સ્થાપના કરવામાં આવી છે.

ટકાઉ ઉકેલ પૂરો પાડવા માટે નેશનલ અર્બન કો-ઓપરેટિવ ફાઈનાન્સ એન્ડ ડેવલપમેન્ટ કોર્પોરેશન (NUCFDC) ની રચના પણ અમ્બ્રેલા ઓર્ગેનાઈઝેશન તરીકે કરવામાં આવી છે. એનો હેતુ અર્બન કો-ઓપરેટિવ બેંકોની નાણાકીય સ્થિતિસ્થાપકતા વધારવાનો, થાપણદારોનો વિશ્વાસ વધારવાનો અને તેમને ભારતની નાણાકીય વ્યવસ્થામાં મુખ્ય ખેલાડીઓ તરીકે સ્થાન આપવાનો છે. ફંડ-આધારિત સેવાઓમાં મૂડી સહાય, લોન અને એડવાન્સિસ, પુનર્ધિરાણ સુવિધાઓ અને રેપો વ્યવહારો દ્વારા વધારાની એસએલઆર સિક્યોરિટીઝ સામે પ્રવાહિતા સહાયનો સમાવેશ થાય છે.

ક્રેડિટ કો-ઓપરેટિવ... પાના નંબર : 3નું અનુસંધાન

આ વર્ગમાં પ્રમુખ સ્થાનેથી બોલતા ગાંધીનગર જિલ્લા સહકારી સંઘના ચેરમેન શ્રી કોદરભાઈ પટેલે જણાવેલ કે, દર વર્ષે યોજાતા આવા ટ્રેનીંગ પ્રોગામો દ્વારા સહકારી સંસ્થાઓના પ્રશ્નોનું, મૂંઝવણોનું નિષ્ણાતો દ્વારા માર્ગદર્શન મળી રહે છે તેમજ સહકારી કાયદાકીય અને મંડળીના અસરકારક વહીવટ વિશેની માહિતી મળી શકે છે, તેવી દર વર્ષે ગાંધીનગર જિલ્લા સહકારી સંઘ દ્વારા યોજાતા આવા ટ્રેનીંગ કાર્યક્રમો અને સેમિનારમાં ભાગ લેવા અનુરોધ કર્યો હતો. આ વર્ગમાં ગાંધીનગર જિલ્લાની ક્રેડિટ કો-ઓપરેટિવ સોસાયટીના વ્યવસ્થાપક કમિટીના સભ્યો, મેનેજરશ્રી ઓ મળી કુલ 200 જેટલા પ્રતિનિધિઓએ હાજર રહી તાલીમ મેળવી હતી.

આ સેમિનાર / પ્રશિક્ષણવર્ગના આયોજનમાં ગાંધીનગર જિલ્લા સહકારી સંઘના એક્ઝિક્યુટિવ ઓફિસર શ્રી યકીનભાઈ પટેલે ભારે જહેમત ઉઠાવી હતી. આ સમગ્ર કાર્યક્રમનું સંચાલન ગાંધીનગર જિલ્લા સહકારી સંઘના મહિલા સી.ઈ.આઈ. મંજુલાબેન પ્રજાપતિ દ્વારા કરવામાં આવેલ, કાર્યક્રમના અંતે આભારવિધિ ગાંધીનગર જિલ્લા સહકારી સંઘના ઉપાધ્યક્ષ શ્રી

NUCFDC શહેરી... પાના નંબર : 1નું અનુસંધાન

જેવી પહેલોનું ભારત નેતૃત્વ કરી રહ્યું છે. ભારત ન ફક્ત વિશ્વને ઉત્પાદનો પૂરા પાડી રહ્યું છે, પરંતુ વૈશ્વિક સપ્લાય ચેઈનમાં એક ભરોસાપાત્ર અને વિશ્વસનીય ભાગીદાર પણ બની રહ્યું છે.

સસ્તા ઈન્ટરનેટ ડેટાને કારણે દેશમાં મોબાઈલ ફોનની માંગમાં વધારો થયો છે. પીએલઆઈ જેવી યોજનાઓએ માંગને તકમાં પરિવર્તિત કરી છે, જેના કારણે ભારત ફાર્માસ્યુટિકલ્સથી લઈને ઈલેક્ટ્રોનિક્સ ક્ષેત્રોમાં નિકાસકાર બની ગયું છે. વિશ્વના ઘણા દેશો ભારતના ડિજિટલ જાહેર માળખા, ઈન્ડિયા સ્ટેકથી જોડાવા માટે કરારો પર હસ્તાક્ષર કરી રહ્યા છે. ભારત એક મુખ્ય અંતરિક્ષ શક્તિ છે અને અન્ય દેશોને પણ તેમની અવકાશ મહત્ત્વાકાંક્ષાઓને સાકાર કરવામાં મદદ કરી રહ્યું છે. ભારત સાર્વજનિક કલ્યાણ માટે AI પર કામ કરી રહ્યું છે અને પોતાનો અનુભવ અને કુશળતા વિશ્વ સાથે શેર કરી રહ્યું છે.

# વડોદરા જિલ્લા સહકારી સંઘ દ્વારા યોજિત કો-ઓપરેટિવ ક્રેડિટ સોસોયટીઝ સેમિનાર

વડોદરા : ગુજરાત રાજ્ય સહકારી સંઘની સહકારી શિક્ષણ યોજના મુજબ આંતરરાષ્ટ્રીય સહકારી વર્ષ - 2025 અંતગર્ત વડોદરા જિલ્લા સહકારી સંઘ અને ધી બરોડા ડિસ્ટ્રિક્ટ કો-ઓપ. ક્રેડિટ સોસાયટી ફેડરેશન લિ.ના સંયુકત ઉપક્રમે વડોદરા તથા છોટાઉદેપુર જિલ્લાની સહકારી ધિરાણ મંડળીઓનો “કો-ઓપરેટિવ ક્રેડિટ સોસાયટીઝ સેમિનાર”, પંડિત દીનદયાલ ઉપાધ્યાય ઓડિટોરીયમ, એમ.એસ.યુનિવર્સિટી ઓફિસ સામે, વડોદરા મુકામે તારીખ 22/03/2025નાં રોજ યોજાયો હતો. જેમાં સેમિનારનાં ઉદ્દઘાટકશ્રી ધનેશભાઇ પટેલ- ઇન્ચાર્જ વાઇસ ચાન્સેલર - એમ.એસ. યુનિવર્સિટી, વડોદરા, શ્રી પ્રવિણભાઇ પટેલ- અધ્યક્ષ વડોદરા જિલ્લા સહકારી સંઘ, નિષ્ણાંત પ્રવચનકારશ્રી કાનજીભાઇ ભાલાળા, ડિરેકટર-નેશનલ ફેડરેશન ઓફ કો-ઓપરેટિવ અર્બન બેંકસ એન્ડ ક્રેડિટ સોસાયટી લિ.-ન્યૂ દિલ્લી, શ્રી જીવરાજભાઇ ગોધાણી-વાઇસ ચેરમેનશ્રી-ધી ગુજરાત સ્ટેટ કો-ઓપરેટિવ ક્રેડિટ સોસાયટી ફેડરેશન લિ.-અમદાવાદ, મુખ્ય મહેમાનશ્રી રાયજીભાઇ પટેલ, ચેરમેન-ધી બરોડા ડિસ્ટ્રિક્ટ કો-ઓપ. ક્રેડિટ સોસાયટી ફેડરેશન લિ., શ્રી પ્રતાપરાય ભોઇટે-પ્રમુખ, ધી ગવર્નમેન્ટ સર્વન્ટસ્ કો-ઓપ. ક્રેડિટ સોસાયટી લિ., શ્રી નિરંજનભાઇ પટેલ-માનદ મંત્રી જિલ્લા સહકારી સંઘ તથા વડોદરા અને છોટાઉદેપુરની ક્રેડિટ સોસાયટીના પ્રતિનિધિશ્રીઓ હાજર રહ્યાં હતા.

સેમિનારનું સ્વાગત પ્રવચન શ્રી નિરંજનભાઇ પટેલે કર્યુ હતું.આમંત્રિત મહેમાનોનું સ્વાગત પુષ્પગુચ્છ અને મોમેન્ટોથી કરવામાં આવ્યું હતું.

સેમિનારનાં ઉદ્દઘાટકશ્રી ધનેશભાઇ પટેલે પ્રાસંગિક પ્રવચનમાં મહારાજા સયાજીરાવ ગાયકવાડે વડોદરા શહેર શિક્ષણજગતમાં આપેલ યોગદાન અને કામગીરી બિરદાવી જણાવ્યું કે ક્રેડિટ સોસાયટી એ સમાજનાં ગરીબ અને




શોષિત વર્ગનાં આર્થિક ઉત્થાન કરવાનું શ્રેષ્ઠ માધ્યમ છે.

શ્રી કાનજીભાઇ ભાલાળાએ ક્રેડિટ સોસાયટીઓના વર્તમાન પડકારોની ચર્ચા કરી ફાયનાન્સિયલ પ્રોડકટસ અને સર્વિસ, નફાકારતા અને પ્રોફેશલાઇઝેશન વિશે માર્ગદર્શન આપી સહકારથી સમૃધ્ધિનાં સૂત્રને ફલિત કરવા જણાવ્યું હતું. શ્રી જીવરાજભાઇ ગોધાણીએ ક્રેડિટ સોસાયટીને લાગુ પડતી સહકારી કાયદાની કલમોની વિસ્તૃત જાણકારી આપી હતી.

શ્રી પ્રતાપરાવ ભોયટેએ ધી ગર્વમેન્ટ સર્વન્ટ્સ કો-ઓપરેટિવ ક્રેડિટ સોસાયટી લિ., વડોદરાની વિકાસગાથાની વિગતવાર માહિતી આપી હતી અને વર્તમાન સમયમાં મંડળીના સભાસદોને અપાતા લાભોની જાણકારી આપી હતી.

શ્રી પ્રવિણભાઇ પટેલે આંતરરાષ્ટ્રીય સહકારી વર્ષ-2025 અંગે સમજ આપી જણાવ્યું કે સમાજમાં પ્રજાના સર્વાંગી કલ્યાણ માટે, માનવને સુખ-શાંતિ-સમૃધ્ધિ માટે એક માત્ર વિકલ્પ સહકારી પ્રવૃત્તિ છે તેમજ આજના વૈશ્વિકીકરણ, ગ્લોબલાઇઝેશન, લેટેસ્ટ ટેકનોલોજી અને આર્થિક ઉદારીકરણના પરિપ્રેક્ષ્યમાં સહકારી ક્ષેત્રે સ્પર્ધાત્મકતા ખૂબ વધી ગઇ છે ત્યારે જિલ્લા સહકારી સંઘ મારફતે આયોજન કરવામાં આવતા સેમિનારોમાં સહકારી મંડળીઓના પ્રતિનિધિશ્રીઓને બહોળી સંખ્યામાં જોડાયા તે બદલ આભાર માન્યો હતો.

સમગ્ર પ્રોગ્રામનું સંચાલન સી.ઇ.આઇ. શિરીષ પટેલે અને મહિલા સી.ઇ.આઇ. શ્રીમતી રેશ્માબેન પટેલે કર્યુ હતું. ફેડરેશનનાં શ્રીગોવિંદભાઇ દહીવલકરે આભારવિધિ કરી સેમિનારને પૂર્ણ જાહેર કર્યો હતો.

શ્રી જામનગર જિલ્લા સહકારી સંઘ દ્વારા યોજિત

# નાગરિક સહકારી બેન્કોના મેનેજરો અને ઓફિસરો માટે "બર્ડ આઈ વ્યુ ઓફ આર.બી.આઈ.લેટેસ્ટ સરકયુલર" વિષય ઉપર એક સેમિનાર

જામનગર : આંતર રાષ્ટ્રીય સહકારી વર્ષની ઉજવણીના ભાગ રૂપે ગુજરાત રાજ્ય સહકારી સંઘની સહકારી શિક્ષણ યોજના અન્વયે જામનગર જિલ્લા સહકારી સંઘ દ્વારા તારીખ 21/03/2025ના રોજ શ્રી સ્વામી વિવેકાનંદ ક્રેડિટ કો-ઓપરેટિવ સોસાયટી લિ.ના હોલમાં સંઘના પ્રમુખશ્રી જયંતભાઈ સી.વિરાણીના અધ્યક્ષસ્થાને નાગરિક સહકારી બેન્કોના મેનેજરો અને ઓફિસરો માટે ‘બર્ડ આઈ વ્યુ ઓફ આર.બી.આઈ.લેટેસ્ટ સરકયુલર‘ વિષય ઉપર એક સેમિનાર યોજવામાં આવેલ.

કાર્યક્રમના પ્રમુખ અને સંઘના ચેરમેનશ્રી જયંતભાઈ સી.વિરાણી(જે. સી.વિરાણી) એ ઉપસ્થિત તાલીમાર્થીઓ, મહેમાનો તેમજ નિષ્ણાંત પ્રવચનકારશ્રી ગોપાલભાઈ ધકાણનું સ્વાગત કરતા જણાવેલ કે યુનાઈટેડ નેશન્સ દ્વારા 2025ના વર્ષને આંતર રાષ્ટ્રીય સહકારી વર્ષ તરીકે જાહેર કરવામાં આવેલ છે ત્યારે તેના ભાગ રૂપે જિલ્લા સંઘ દ્વારા જુદા જુદા સહકારી સેમિનારો/સંમેલનો દ્વારા તેની ઉજવણી કરવામાં આવે છે. વધુમાં તેઓશ્રીએ જિલ્લા સહકારી સંઘની વિવિધ કામગીરી વિશે માહિતી આપી ઉપસ્થિત મહેમાનોનું સ્વાગત કરેલ.

આ સેમિનારમાં વિષય નિષ્ણાંત તરીકે ઉપસ્થિત શ્રી ગોપાલભાઈ ધકાણ રિઝર્વ બેન્ક ઓફ ઈન્ડિયાના લેટેસ્ટ સરકયુલરો વિશે ઊંડાણ પૂર્વક માહિતી આપેલ અને નાગરિક બેન્કોને લગતા વિવિધ પ્રશ્નોનું નિરાકરણ કરેલ.

ગુજરાત રાજ્ય સહકારી સંઘ દ્વારા દર વર્ષે જુદા જુદા પ્રકારની સહકારી સંસ્થાઓ માટે શિલ્ડ અને પ્રમાણ પત્ર હરિફાઈ યોજવામાં આવે છે. જેના ભાગ રૂપે ગત




વર્ષે સારું કામ કરનાર નાગરિક સહકારી બેન્કોની હરીફાઈમાં વિજેતા થયેલ ધી કોમર્શિયલ કો-ઓપરેટિવ બેન્ક લિ., જામનગરને આ સેમિનારમાં સંઘના ચેરમેનશ્રી જે.સી.વિરાણીના હસ્તે શિલ્ડ અને પ્રમાણપત્ર એનાયત કરી, બેન્કના મેનેજરશ્રીનું સન્માન કરવામાં આવેલ.

આ સેમિનારમાં આભારવિધિ જામનગર જિલ્લા સહકારી સંઘના માનદમંત્રી, સહકાર ભારતીના ગુજરાત પ્રદેશ ઉપાધ્યક્ષ તેમજ શ્રી સ્વામી વિવેકાનંદ ક્રેડિટ કો-ઓપરેટિવ સોસાયટીના ડાયરેકટરશ્રી વશરામભાઈ ચોવટીયાએ કરેલ.

સેમિનારમાં ધી રાજકોટ નાગરિક સહકારી બેન્ક લિ.ની જામનગર શાખાના ડાયરેકટર તેમજ જાણીતા રાજકીય આગેવાનશ્રી હસમુખભાઈ હિન્ડોચા, સંઘના ઉપપ્રમુખશ્રી પૃથ્વીરાજ એ. ચૌહાણ, ડાયરેકટરશ્રી તેજુભા બી.જાડેજા તેમજ જામનગરમાં આવેલ દરેક નાગરિક સહકારી બેન્કોના મેનેજરશ્રીઓ-ઓફિસરશ્રીઓ બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહેલ. આ સેમિનાર અને સમગ્ર કાર્યક્રમનું સંચાલન જિલ્લા સહકારી સંઘના એક્ઝિક્યુટિવ ઓફિસરશ્રી પ્રજ્ઞેશભાઈ નાકરાણીએ કરેલ.

# ભાવનગર જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘના રજત જયંતી વર્ષનો પ્રારંભ

ભાવનગર : ભાવનગર જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘના રજત જયંતી વર્ષ ઉજવણીનો પ્રારંભ કરાવતાં અધ્યક્ષશ્રી મહેન્દ્રભાઈ પનોતે જણાવ્યું કે, પ્રારંભના સંઘર્ષ સાથે શરૂ થયેલ ભાવનગર જિલ્લા દૂધ સંઘ પાસે આજે રૂપિયા 300 કરોડની મિલક્ત છે. પશુપાલક દૂધ ઉત્પાદકો અને સરકાર તથા સંબંધિત સહકારી સંસ્થાઓનાં સહયોગ સાથે ભાવનગર જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ ( સર્વોત્તમ ડેરી ) રાજ્યમાં અગ્ર સ્થાને રહી છે.

રજત જયંતી વર્ષ દરમિયાન વિવિધ સહકારી, સામાજિક તેમજ ધાર્મિક કાર્યક્રમોની તેમણે વાત કરી. આ સંઘ તળાજા તાલુકાનાં એક ગામમાં શરૂ થઈ પશુપાલકોના સહકાર સાથે 25 વર્ષમાં આજે 690 ગામની મંડળીઓની વિરાટ સંસ્થા બન્યાનો આનંદ તેઓએ વ્યક્ત કર્યો. તેમણે સરકાર તથા અમૂલ સંસ્થાનો પણ સહયોગ રહ્યાનું જણાવ્યું.

સંઘનાં સ્થાપના સાથે રહેલાં વડાશ્રી હરિભાઈ જોષીએ જણાવ્યું કે, છેલ્લે 10 કરોડ લીટર દૂધ એકત્ર થયાં બાદ આગામી વર્ષે 12 કરોડ લીટર દૂધનો લક્ષ્યાંક પૂર્ણ થવાનો આપણો સૌનો નિર્ધાર છે. તેમણે વર્ષભરમાં થનાર કાર્યક્મોનો પણ ઉલ્લેખ કર્યો.

સંઘ અગ્રણીઓ અને અધિકારીઓ મહાનુભાઓનાં હસ્તે દીપ પ્રાગટ્ય કરાયું હતું. શ્રી જયંત મહેતા સહિત મહેમાન અધિકારીઓએ પ્રાસંગિક વાત કરી સંસ્થાની પ્રગતિ અંગે પ્રસન્નતા વ્યક્ત કરી.

શ્રી માવજીભાઈ ભાલિયાએ સ્વાગત ઉદઘાટન કર્યુ, આભારવિધિ શ્રી મૂળરાજભાઈ પરમારે કરી હતી. સંચાલનમાં શ્રી યોગેશભાઈ જોષીએ કર્યુ હતું.



હાલારમાં માત્ર લાલપુર પાસેના મોડપર ગામે 50 વીઘામાં કાળા ઘઉંની ખેતી કરવામાં આવે છે

# જામનગરમાં કાળા ઘઉંની ખેતી, ભારતભરમાં ઓનલાઈન વેચાણ, ડાયાબિટીસ, કોલેસ્ટ્રોલ, હૃદયની તકલીફવાળા માટે ફાયદાકારક

જામનગર : જામનગર પાસે આવેલ લાલપુરના મોડપર ગામે એક ખેડૂત તેમની 200 વિઘાની જમીનમાંથી 50 વિઘા જમીનમાં કાળા ઘઉંની ખેતી કરી રહ્યા છે. આ કાળા ઘઉંનાં લોટની રોટલી કે ભાખરી બનાવવી રોજિંદા ભોજનમાં લેવાથી અનેક ફાયદા શરીરમાં થાય છે.

જામનગર પાસે આવેલ લાલપુરના મોડપર ગામે કિશનભાઇ એમ. ચંદ્રાવાડીયા 50 વીઘાની જમીનમાં કાળા ઘઉંની ખેતી શરૂ હતી. આ કાળા ઘઉંની ખેતી ઓછા ખેડૂતો જ કરી રહ્યા છે. કેમ કે, આ કાળા ઘઉંનાં લોટ રોજિંદા રોટલી કે ભાખરી બનાવીને જમવામાં લેવામાં આવે તો મનુષ્યના શરીર માટે બહુ જ ગુણકારી છે અને આ કાળા ઘઉંની ખેતી પાછળ રાબેતા મુજબના ઘઉંની ખેતી કરવા જેટલો જ ખર્ચ થાય છે. 4 વર્ષથી આ ખેતી કરે છે અને વર્ષ દરમિયાન 10 થી 12 ટન ઘઉંનું ઉત્પાદન કરી રહ્યા છે અને 3થી 4 મહિનામાં પાક થઈ જાય છે. આ કાળા ઘઉંની ખેતી સૌ પ્રથમ જાપાનમાં શરૂ થઇ હતી અને બાદમાં પંજાબમાં આવી હતી. બાદમાં પંજાબમાં બહુ જ ઓછા ખેડૂત કરી રહ્યા છે. બાદમાં ભારતના જુદા-જુદા ગામડાઓ આ ખેતી શરૂ કરાઈ હતી.

## કાળા ઘઉંના શું ફાયદા થાય છે

કાળા ઘઉં બહુ જ ઓછા લોકોએ જોયા હશે અને તેને દળાવીને રોટલી કે ભાખરી ભોજનમાં લેવાથી અનેક ફાયદાઓ થાય છે. કાળા ઘઉંમાં આયર્ન, ઝિંકનું પ્રમાણ બહુ જ વધારે હોય છે. જેનાથી ડાયાબિટિસ, કોલેસ્ટોલ, હૃદયની જે લોકોને તકલીફ હોય તેને આ ઘઉંની રોટલી કે ભાખરી દરરોજ નિયમિત ભોજનમાં લેવાથી ફાયદા મળે છે તેવું આ ખેડૂત દ્વારા જણાવાયું છે.

## 4 મહિનામાં પાક થાય છે : વર્ષમાં 12 ટન ઘઉંનું ઉત્પાદન

## આખા ભારતમાં ઓનલાઈન સપ્લાય કરું છું : ખેડૂત

કાળા ઘઉંની ખેતી છેલ્લા ચાર વર્ષથી કરૂ છું અને જામનગર સહિતના શહેરોમાં ઓનલાઈન સપ્લાય કરું છું, કેમ કે, કાળા ઘઉં બહુ જ ઓછા લોકોને ખબર છે કે અને તેના ફાયદા શું છે તે હજુ લોકો જાણતા નથી જે લોકો જાણે છે તે ઓનલાઈન ઓર્ડર આપી રહ્યા છે. જેમાં ખાસ કરીને વેસ્ટ બેંગ્લોર, તેલંગા, એમપી, યુપી. બાજુ બહુ જ ડિમાન્ડ છે.

ગાંધીનગર જિલ્લા સહકારી સંઘ દ્વારા યોજિત

# ક્રેડિટ કો-ઓપરેટિવ સોસાયટીઓ માટે સહકારી તાલીમ વર્ગ

ગાંધીનગર : ગુજરાત રાજ્ય સહકારી સંઘની સહકારી શિક્ષણ યોજના અન્વયે ગાંધીનગર જિલ્લા સહકારી સંઘ-ગાંધીનગરના ઉપક્રમે 08/03/2025ના રોજ ગાંધીનગર જિલ્લાની ક્રેડિટ કો-ઓપરેટિવ સોસાયટીઓના હોદ્દેદારો, ડાયરેકટરો અને મેનેજરો માટેનો સહકારી તાલીમવર્ગ શ્રી આંબેડકર ભવન ગાંધીનગર ખાતે ગાંધીનગર જિલ્લા સહકારી સંઘના ચેરમેન શ્રી કોદરભાઈ પટેલના પ્રમુખ સ્થાને યોજવામાં આવેલ.

સેમિનારની શરૂઆતમાં સ્વાગત પ્રવચન ગાંધીનગર જિલ્લા સહકારી સંઘના ડાયરેકટર શ્રી પ્રકાશભાઈ પટેલ દ્વારા કરવામાં આવેલ, આ વર્ગમાં ઉપસ્થિત ધી અમદાવાદ ડિસ્ટ્રિકટ કો-ઓપરેટિવ બેન્કના ડિરેકટર, ગુજરાત રાજ્ય સહકારી સંઘ અને ગાંધીનગર જિલ્લા સહકારી સંઘના ડિરેકટર તેમજ ગાંધીનગર જિલ્લા ક્રેડિટ કો-ઓપરેટિવ સોસાયટીના ચેરમેન શ્રી લાલભાઈ પટેલ પ્રવચનમાં જણાવેલ કે ક્રેડિટ સોસાયટીના પ્રશ્નોને વાચા આપવા માટે તેમજ તેમના પ્રશ્નોના નિરાકરણ માટે આવા વર્ગો અને સેમિનારો યોજવામાં આવ્યો છે. વ્યવસ્થાપક સમિતિના સભ્યો, મેનેજરો તાલીમી હશે તો સંસ્થાનો વિકાસ ખૂબજ સારી રીતે થઈ શકશે. આજના બદલાતા યુગમાં તાલીમની સતત જરૂરિયાત




છે. વધુમાં તેઓશ્રીએ સંઘની સહકારી શિક્ષણ,તાલીમ અને પ્રચારની માહિતી આપતા જણાવેલ કે શરાફી મંડળીઓના વિકાસ માટે નવીનતમ ટેકનોલોજીનો સમય સાથે ઉપયોગ કરવો જોઈએ.

સેમિનારમાં નિષ્ણાંત પ્રવચનકાર તરીકે ઉપસ્થિત ગુજરાત રાજ્ય સહકારી સંઘના પૂર્વ ટ્રેઈનિંગ ડાયરેકટર અને પૂર્વ અધિક રજિસ્ટ્રારશ્રી જે. જે. શાહે ક્રેડિટ સોસાયટીઓને લાગુ પડતી સહકારી કાયદાની અગત્યની કલમો અને કાયદામાં થયેલ સુધારાઓની માહિતી આપેલ તેમજ શરાફી સહકારી મંડળીઓમાં ધિરાણ અને વસુલાત માટેની કાર્યવાહી, તેને માટેના જરૂરી ડોક્યુમેન્ટસ અને તેની જાળવણી, ક્રેડિટ સોસાયટીઓમાં ટેકનોલોજીનો કેવી રીતે ઉપયોગ કરવો, ઉપરાંત સહકારી સંસ્થાઓ માટે ઈન્કમટેકસ ઓડિટ વિશે જરૂરી વિસ્તૃત માહિતી આપી હતી.

અનુસંધાન પાના નંબર : 2

# ગુજકોમાસોલ-ગુજરાત પ્રાકૃત્તિક કૃષિ વિજ્ઞાન યુનિવર્સિટી વચ્ચે એમ.ઓ.યુ. કરાયા

ગાંધીનગરઃ ગુજરાતમાં પ્રાકૃતિક કૃષિ મિશનને વધુ વેગવાન બનાવવા રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતની ઉપસ્થિતિમાં ગુજકોમાસોલ અને ગુજરાત પ્રાકૃતિક કૃષિ વિજ્ઞાન યુનિવર્સિટી વચ્ચે એમ.ઓ.યુ. કરવામાં આવ્યા હતા. રાજભવન ખાતે ગુજરાત સ્ટેટ કો-ઓપરેટિવ માર્કેટિંગ ફેડરેશન લિ.- ગુજકોમાસોલ અને ગુજરાત પ્રાકૃતિક કૃષિ વિજ્ઞાન યુનિવર્સિટી, હાલોલ વચ્ચે શિક્ષણ, સંશોધન અને વિસ્તરણ દ્વારા ગુજરાતના ખેડૂતો પ્રાકૃત્તિક કૃષિ અપનાવે, ગુજકોમાસોલના માધ્યમથી પ્રાકૃત્તિક કૃષિ ઉત્પાદનોનું દેશ-વિદેશમાં વેચાણ થાય અને ખેડૂતોને વધુમાં વધુ વળતર મળે એ બાબતે MU કરવામાં આવ્યા હતા. આ અવસરે ગુજકોમાસોલના ચેરમેન શ્રી દિલીપભાઈ સંઘાણી, ઉપાધ્યક્ષ શ્રી બિપીનભાઈ ગોતા, ગુજરાત પ્રાકૃતિક કૃષિ વિજ્ઞાન યુનિવર્સિટીના કુલપતિ ડો.સી.કે.ટીમ્બડીયા ઉપસ્થિત રહ્યા હતા.

શતાબ્દી કૂચમાં ઇફ્કો... પાના નંબર : 1નું અનુસંધાન

અમિતભાઈએ કહ્યું કે, આજે ભારત ફર્ટિલાઈઝર ક્ષેત્રે આત્મનિર્ભર થવાની દિશામાં આગળ વધી રહ્યું છે ત્યારે ઈફ્કો ઉત્પાદિત નેનો યુરિયા અને નેનો ડીએપીની ભારતમાં જ નહીં, વિશ્વમાં માગ છે કેમ કે ઈફ્કોએ બલ્ક એપ્લિકેશન પર ધ્યાન કેન્દ્રીત કર્યું છે, અગાઉ હાઈ કોસ્ટ અને લો એફિસિયન્સી હતી, પરંતુ હવે લો કોસ્ટ અને હાઈ એફિસિયન્સીનું કામ કર્યું છે. પર્યાવરણની દષ્ટીએ ફોર ફ્રન્ટ પર પહોંચી ગયા છીએ ત્યારે ખેડૂતોને મારી અપીલ છે કે ખેડૂતો નેનો યુરિયા, ડીએપી પોતાના ખેતરમાં છંટકાવ કર્યા પછી ફર્ટિલાઈઝરની કોથળીનો છંટકાવ ન કરતા. એનાથી ખેત ઉત્પાદન વધશે નહીં ઉલટાનું ઘટશે અને તમારા ખેતરો સિમેન્ટ જેવા કોંક્રિટ થઈ જશે મહેરબાની કરીને બન્ને ભેગુ ન કરશો. બે બોટલ લિક્વિડ ખાતર નાખ્યા પછી ઘન ખાતર નાખવાની જરૂર નથી. ઈફ્કોએ અનેક પ્રયોગો કરીને આ તૈયાર કર્યું છે.

## બીજી હરિતક્રાંતિમાં ઈફકોની સહભાગિતા સર્વોચ્ચ હશે : મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ

આ પ્રસંગે મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે સહકારી ક્ષેત્રે અગ્રેસર રહેવાના ગુજરાતીઓના ખમીરને બિરદાવતા કહ્યું કે, સહકારિતા એ ભારતીય સંસ્કૃતિની જૂની પરંપરા છે. વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી અને પ્રથમ સહકારિતામંત્રી અમિતભાઈના દિશાદર્શનમાં ખેડૂતો, ગરીબો, વંચિતો સૌના વિકાસને નવી દિશા સાથે સહકારિતાનો સાથ મળ્યો છે. ‘ભારતને ખાદ્યાન્નના ક્ષેત્રે આત્મનિર્ભર બનાવવાના ઉદ્દેશ સાથે ખેડૂતોને પૂરતું ખાતર મળી રહે માટે ઈફ્કોની શરૂઆત 1975માં કલોલના પહેલા પ્લાન્ટની સ્થાપના સાથે થઈ હતી. 57 મંડળીઓ સાથે શરૂ થયેલી ઈફ્કોની યાત્રામાં આજે 36,000થી વધુ સહકારી મંડળીઓ જોડાઇ છે. જેના પ્રથમ ચેરમેન પોરબંદરના યુવરાજ ઉદયભાણ સિંહજી હતા એવી સંસ્થા આજે ખેડૂતોને બીજથી લઇ બજાર સુધીની અનેક યોજનાઓમાં સાથ આપે છે.’ તેમણે કહ્યું કે, શ્રી અમિતભાઈ શાહના માર્ગદર્શન હેઠળ ઈફ્કોમાં રિસર્ચને પણ ખૂબ પ્રોત્સાહન મળ્યું છે. સહકાર મંત્રાલય દ્વારા ખેડૂતો માટે વિશ્વની સૌથી મોટી ખાદ્ય સંરક્ષણ યોજના અમલી બનાવાઈ છે. ઈફ્કોના નેનો યુરિયા અને ડીએપી આજે વિશ્વભરમાં પહોંચ્યા છે. આ નેનો લિક્વિડ ફર્ટિલાઈઝરના કારણે ભારત આત્મનિર્ભર તરફ ગતિ કરી રહ્યું છે. ભવિષ્યમાં બીજી હરિત ક્રાંતિમાં ઈફ્કોની સહભાગિતા સર્વોચ્ચ હશે તેવો એમણે વિશ્વાસ વ્યક્ત કર્યો હતો.

# દેશનો કૃષિ વૃદ્ધિ દર 2 વર્ષની અંદર 20 ટકાની સપાટીએ પહોંચી જશે : શ્રી ગડકરી

મુંબઈ : દેશનો કૃષિકીય વૃદ્ધિ દર આગામી બે વર્ષમાં 20 ટકાએ પહોંચવાની અપેક્ષા છે અને આ ક્ષેત્રને આર્થિક દ્રષ્ટિએ વ્યવહારું બનાવવું તેમજ વધુ નોકરીઓનું સર્જન કરવું એ કેન્દ્રની પ્રાથમિકતા છે, એમ કેન્દ્રીય મંત્રીશ્રી નિતીન ગડકરીએ જણાવ્યું હતું.

દેશની આશરે 65 ટકા વસ્તી ગામડાંઓમાં વસે છે, પરંતુ વૃદ્ધિમાં તેમનું યોગદાન કેવળ 12 ટકા છે, એમ એક કાર્યક્રમમાં જણાવ્યું હતું. પાંચ ખર્વ ડોલરનું અર્થતંત્ર બનવા માટે અને વિશ્વમાં ત્રીજો ક્રમ હાંસલ કરવા માટે ભારતનું ગ્રામ્ય અર્થતંત્ર અને કૃષિનું ક્ષેત્ર ઘણાં જ મહત્ત્વનાં છે, એમ કેન્દ્રીય માર્ગ પરિવહન અને ધોરીમાર્ગ મંત્રી (એમઓઆરટીએચ)એ જણાવ્યું હતું. સરકાર સિંચાઈના ક્ષેત્રને વેગ આપવા પર કામ કરી રહી છે. આપણે વિશ્વની સૌથી સફળ ટેકનોલોજી બનવું જોઈએ.

કૃષિ અર્થતંત્ર ગ્રામીણ ક્ષેત્રમાં વધુ નોકરીઓઓનું સર્જન કરશે, એમ



તેમણે જણાવ્યું હતું. તેમણે નોંધ્યું હતું કે, બંદર સાથેના જોડાણ માટેના રૂપિયા 3 લાખ કરોડનો ખર્ચ ધરાવતા પ્રકલ્પો સાથે 36 ગ્રીન હાઈવેનું નિર્માણ કાર્ય ચાલી રહ્યું છે અને અર્થતંત્રને લગતી મુખ્ય સમસ્યાઓ લોજીસ્ટિક્સ ખર્ચ અંગેની છે, જે 14થી 16 ટકા જેટલો રહેતો હોય છે.

આ ખર્ચ આપણે ઘટાડીને નવ ટકા પર લાવવાની જરૂર છે. સારા માર્ગો, વૈકલ્પિક ઈંધણ ખર્ચમાં ઘટાડો સુનિશ્ચિત કરશે. નિકાસો 1.5 ટકા વધી જશે. અમારી સમસ્યા સંસાધનો અંગેની નહીં, બલ્કે ખર્ચ અંગેની છે. ભારત ચીનની સ્પર્ધાત્મકતા સાથે હરીફાઈ કરી શકે છે, એમ મંત્રીએ કહ્યું હતું.

માર્ગોની ગુણવત્તાના મામલે કોઈ સમાધાન કરવામાં આવશે નહીં, એવું ભારપૂર્વક જણાવતાં ગડકરીએ કહ્યું હતું કે, તેમણે અયોગ્ય કોન્ટ્રાક્ટરોને બ્લેકલિસ્ટેડ કરી દીધા છે.

# પાંચ વર્ષમાં ફળોની નિકાસમાં 47 ટકાનો નોંધપાત્ર વધારો

નવી દિલ્હી : છેલ્લા પાંચ વર્ષમાં ભારત ખાતેથી ફળોની નિકાસમાં 47.50 ટકાનો વધારો જોવા મળ્યો છે. યુએઈ તથા ઓસ્ટ્રેલિયા સાથે થયેલા મુકત વેપાર કરારને પરિણામે આ બન્ને દેશો ખાતે પણ ફળોની નિકાસમાં વધારો જોવા મળ્યો છે. યુએઈ ખાતે 27 ટકા અને ઓસ્ટ્રેલિયા ખાતે નિકાસમાં છ ટકા વધારો જોવા મળ્યો હોવાનું રાજ્ય કક્ષાના વાણિજ્ય પ્રધાનશ્રી જિતિન પ્રસાદે રાજ્યસભામાં માહિતી આપી હતી.

ભારત ખાતેથી મુખ્યત્વે કેરી, દ્રાક્ષ, કેળા, સફરજન, પાઈનેપલ, દાડમ તથા કલીંગરની નિકાસ થાય છે. ફળોની એકંદર નિકાસ છેલ્લા પાંચ વર્ષમાં 47.50 ટકા વધી છે. ફળોમા પેસ્ટિસાઈડનું પ્રમાણ એકદમ નીચુ રહે તથા ફળોની ગુણવત્તા આંતરરાષ્ટ્રીય




યુએઈ, ઓસ્ટ્રેલિયા સાથે મુકત વેપાર કરારનો લાભ

સ્તરની રહે તે માટે સરકાર દરેક ખાતરી રાખે છે. ફળોની નિકાસ વધારવા અન્ય બજારોની પણ શોધ કરવામાં આવી રહી હોવાનું શ્રી પ્રસાદે જણાવ્યું હતું.

દરમિયાન યુકે સાથેના સૂચિત મુકત વેપાર કરારને કારણે ભારતમાંથી ટેકસટાઈલ, જ્વેલરી પ્રોસેસ્ડ એગ્રી પ્રોડક્ટ્સની નિકાસમા વધારો થવામાં મદદ મળશે એમ તેમણે અન્ય એક પ્રશ્નના લેખિત ઉત્તરમાં જણાવ્યું હતું. 2022થી યુકે સાથે શરૂ થયેલી વેપાર વાટાઘાટના અત્યાર સુધી 14 રાઉન્ડસ યોજાઈ ગયા છે.

# પ્રાકૃતિક ખેતી : જાગૃતિ માટે જિલ્લા-તાલુકામાં ઓર્ગેનિક પ્રોડક્ટનું નિદર્શન

ગાંધીનગર : રાજ્યમાં ખેતી ક્ષેત્રે રાસાયણિક ખેતીના કારણે જમીન, વાતાવરણ, પર્યાવરણ, જીવસૃષ્ટિને થઈ રહેલા ગંભીર નુકસાનની જાણકારી બાદ હવે, ખેડૂતો અને લોકો પ્રાકૃતિક ખેતી તરફ વળે તે માટેનું બીડું ગુજરાત સ્ટેટ કો-ઓપરેટિવ માર્કેટિંગ ફેડરેશન લિ. (ગુજકોમાસોલ) એ ઝડપ્યું છે. જેના અનુસંધાને ગુજકોમાસોલ અને MNG કંપનીના સંયુક્ત ઉપક્રમે ગાંધીનગર ટાઉનહોલમાં ખેડૂત પરિસંવાદનું આયોજન કરાયું હતું. જેમાં ગુજકોમાસોલના ચેરમેનશ્રી દિલીપભાઈ સંઘાણીએ જણાવ્યું હતું કે, દુબઈ-જોર્ડનની કંપની MNG દ્વારા જે રીતે વિશિષ્ટ પ્રોડક્ટસનો ઉપયોગ કરીને પ્રાકૃતિક ખેતીના જે પરિણામો મેળવી રહ્યું છે, તેના પગલે આ કંપનીને ગુજરાતમાં પણ આવકારવામાં આવી છે. ગુજકોમાસોલ, પ્રાકૃતિક ખેતી વિશે જાગૃતિ ફેલાવવા માટે, વિતરણ વ્યવસ્થા વ્યવસ્થિત ગોઠવવા, ખેડૂતોનું વિશ્વાસ સંપાદન કરવા માટે ચારેય કૃષિ યુનિવર્સિટી, સરકાર, અન્ય સંસ્થાઓનો સહયોગ મેળવી જિલ્લા અને શક્ય હોય ત્યાં તાલુકા કક્ષા સુધી આં ઓર્ગેનિક પ્રોડક્ટ્સનું નિદર્શન અને પ્રદર્શન ગોઠવાય તે મુજબનું આયોજન કરશે.

શ્રી દિલીપભાઈ સંઘાણીએ વધુમાં જણાવ્યું હતું કે, ગુજરાતના ખેડૂતોમાં આ અંગેની જાગૃતિ ફેલાય તે માટે અલાયદો



ગુજકોમાસોલ અને MNG કંપનીના સંયુક્ત ઉપક્રમે ગાંધીનગર ટાઉનહોલમાં ખેડૂત પરિસંવાદ યોજાયો

એક વિભાગ જેનું નામ ડાયવર્ગીફિકેશન એન્ડ વેલ્યુએડિશન છેલ્લા ત્રણ વર્ષથી ગુજકોમાસોલ દ્વારા શરૂ કરાયો છે. આ વિભાગ મારફતે ગુજકોમાસોલ દ્વારા વિવિધ પ્રાકૃતિક બાયોફર્ટિલાઈઝર, બાયો પેસ્ટીસાઈડ્ઝનું વિતરણ શરૂ કર્યું છે. ગુજકોમાસોલ દ્વારા ઓર્ગેનિક ખેતી માટે વધુને વધુ યોગદાન આપી શકાય તેને ધ્યાનમાં રાખી જોર્ડનની MNG કંપની સાથે હાથ મિલાવ્યા છે.

**રાસાયણિક ખાતરોના ઉપયોગના ગંભીર પરિણામો આવી રહ્યાં છે :** આ પરિસંવાદમાં સ્વાગત પ્રવચનમાં વાઈસ ચેરમેનશ્રી બિપીનભાઈ પટેલે (ગોતા) કહ્યું હતું કે, હાલના સંજોગોમાં જે રીતે ખેતી કરવામાં આવે છે અને તેમાં રાસાયણિક ખાતરો તથા જંતુ દવાઓનો જે ઉપયોગ થઈ રહ્યો છે. તેને કારણે જમીન, હવા, વાતાવરણ, પર્યાવરણ તથા જીવ સૃષ્ટિના સ્વાસસ્થ્ય ઉપર ગંભીર અસરો ઊભી થઈ છે. જેથી પ્રાકૃતિક ખેતી તરફ વળ્યા વગર છૂટકો નથી.

# નવાનગર કો-ઓપરેટિવ બેંક લિ.નો વર્ષાંતે કાર્યકારી નફો રૂ. 24.25 કરોડ

જામનગર : ધ નવાનગર કો-ઓપરેટિવ બેંક લિ. જામનગર જિલ્લાની અગ્રગણ્ય સહકારી બેંક છે. ધી નવાનગર કો-ઓપરેટિવ બેંક લિ.નો નાણાકીય વર્ષ 2024-25 માં થાપણો રૂ. 963.26 કરોડ, ધિરાણ રૂ. 417.28 કરોડ, રોકાણ રૂ. 632.45 કરોડ તથા કાર્યકારી નફો રૂ. 24.25 કરોડ થયો છે. આ ઉપરાંત સહકારી ભાવનાઓ પર સ્થાપિત સંસ્થા પોતાના સભાસદોને મેડિક્લ સહાય, મરણોત્તર સહાય, સભાસદ ભેટ ઉપરાંત ઘણા વર્ષોથી મહત્તમ 15 ટકા ડિવિડન્ડ પણ આપતી આવે છે. નવાનગર બેંકના ચેરમેન, વાઈસ ચેરમેન તેમજ સમગ્ર ડાયરેક્ટરોએ નવાનગર બેંકની સતત પ્રગતિના ભાગરૂપે બેંકના ચાલુ વર્ષનો નફો રૂ. 24.25 કરોડનો શ્રેય બેંકના સેવારત કર્મચારીઓને તથા બેંકના સભાસદોના બેંકમાં રાખેલ વિશ્વાસને આપતા હર્ષની લાગણી વ્યક્ત કરી હતી.

શહેરીજનો અને સભાસદોને પોતાના બેન્કિંગ કાર્યો માટે પોતાના શહેરની બેંક તરીકે નવાનગર કો-ઓપરેટિવ બેંકને પ્રાધાન્ય આપીને તથા જામનગરના ગ્રાહકોની ડિપોઝિટ જામનગરના લોનધારકોને ઉપયોગમાં આવતી હોય, બેંકની ઉન્નતિ થકી સ્વઉન્નતિ અને શહેરના વિકાસમાં મહત્તમ ફાળો આપવા ચીફ અક્ઝિક્યુટિવ ઓફિસર આર.કે. પાઢ દ્વારા જણાવાયું છે.

## દેશમાં બે વર્ષમાં 12,957 નવી સહકારી સમિતિ રચાઈ

**નવી દિલ્હી : દેશમાં છેલ્લા બે વર્ષમાં 12,957 કૃષિ ધિરાણ સમિતિઓ, ડેરી અને મત્સ્ય સહકાર સમિતિઓની રચના કરવામાં આવી છે. કેન્દ્રીય સહકારિતા મંત્રીશ્રી અમિતભાઈ શાહે લોકસભામાં આ જાણકારી આપી હતી. તેમણે કહ્યું હતુ કે આગામી 5 વર્ષમાં દેશની તમામ પંચાયતોમાં નવી બહુઉદ્દેશીય પ્રાથમિક કૃષિ ધિરાણ સમિતિ, ડેરી અને મત્સ્ય સહકારી સમિતિઓ રચાશે.**


## ADMISSION OPEN

## ગુજરાત રાજ્ય સહકારી સંઘ

**ડિપ્લોમા ઈન કો-ઓપરેટિવ મેનેજમેન્ટ (D.C.M.) તમારી કારકિર્દીને ઉજ્જવળ બનાવો**

**મંડળીઓ/સંસ્થાઓના કર્મચારીઓ/કોલેજના વિદ્યાર્થીઓ માટે શ્રેષ્ઠ તક...**

**નવરચિત સહકાર મંત્રાલય દ્વારા 2 લાખ પેક્સ (PACS) મંડળીઓની રચના કરવામાં આવનાર છે ત્યારે આ મંડળીઓના કામકાજ માટે વિશાળ સંખ્યામાં તજજ્ઞો-કર્મચારીઓની જરૂરિયાત ઊભી થશે. નેશનલ કો-ઓપરેટિવ યુનિયન ઓફ ઈન્ડિયા અને નેશનલ કાઉન્સિલ ઓફ કો-ઓપરેટિવ ટ્રેઈનિંગની માન્યતા ધરાવતો ડિપ્લોમા ઈન કો-ઓપરેટિવ મેનેજમેન્ટ તાલીમનો કોર્ષ ગુજરાત રાજ્ય સહકારી સંઘ દ્વારા તમારી નજીકમાં શરૂ થઈ રહ્યો છે.**

**તો આજે જ ડી.સી.એમ. કોર્ષમાં જોડાઓ જો... જો.... મોડું ના કરતાં......**

**કોર્ષની વધુ માહિતી નીચે મુજબ છે...**

સદર કોર્ષમાં સહકારના નીચે મુજબના વિષયો ભણાવવામાં આવે છે

(1) સહકાર (2) ધંધાકીય વિકાસ આયોજન (બી.ડી.પી.) (3) નાણાંકીય હિસાબો અને ઓડિટ (4) કોમ્પ્યુટર સંચાલકીય પાંસાઓ (5) સહકારી સંચાલન-વ્યવસ્થાપન (6) સહકારી મંડળીઓના કાયદાકીય પાસાંઓ (7) સહકારી ધિરાણ અને બેન્કિંગ આ સાત વિષયો શીખવવામાં આવે છે.

**કોર્ષનું નામ: ડિપ્લોમા ઇન કો - ઓપરેટિવ મેનેજમેન્ટ (D.C.M)**

**કોર્ષ મુદત :** 5 મહિના ■ **લાયકાત :** ધોરણ 12 પાસ ■ **ઉંમર :** 18 વર્ષ

**શરૂઆત તારીખ :** 28 એપ્રિલ ,2025 - 14 સપ્ટેમ્બર 2025 ■ ઓનલાઇન / ઓફલાઇન વર્ગો

તમારું ભવિષ્ય તૈયાર છે - આપ તૈયાર છો? DCM દ્વારા સહકારમાં સફળ કારકિર્દી તરફ પહેલું પગથિયું!

**એડ્મિશન માટે આજે જ તમારા નજીકમાં આવેલ અમારા કેન્દ્રની મુલાકાત લો.**

| ક્રમ | વ્યવસ્થાપન કેન્દ્રનું નામ | આચાર્યનું નામ અને ફોન નંબર |
|---|---|---|
| 1. | શ્રી દયાળજીભાઈ ગો.પટેલ સહકારી વ્યવસ્થાપન કેન્દ્ર, કામરેજ ચાર રસ્તા, જિ.સુરત | શ્રી સુધીરભાઈ દવે, 9879023623 |
| 2. | શ્રી છોટાલાલ વ્યાસ સહકારી વ્યવસ્થાપન કેન્દ્ર સહકારી વિદ્યાભવન, મિશન રોડ, નડિયાદ, જિ.ખેડા | શ્રી શીતલભાઈ ભટ્ટ, 9879925594 |
| 3. | ગુજરાત સહકારી વ્યવસ્થાપન કેન્દ્ર શ્રીનગર સોસાયટી, સુખાપરા, જિ.મહેસાણા | શ્રી અલ્પેશભાઇ રાવલ, 9427385386 |
| 4. | ગુજરાત સહકારી વ્યવસ્થાપન કેન્દ્ર જિલ્લા સહકારી સંઘ સહકાર ત્રિવેણી 29/38, કરણપરા, બસ સ્ટેન્ડ પાછળ, જિ.રાજકોટ. | શ્રી એમ એ શેરસિયા, 9879857565 |
| 5. | શ્રી વૈકુંઠભાઈ મહેતા સહકારી વ્યવસ્થાપન કેન્દ્ર મુ.પો.નારી, વાયા-ચિત્રા, તા.જિ.ભાવનગર | શ્રી દિપકભાઇ રાવલ, 9427728225 |
| 6. | ગુજરાત સહકારી વ્યવસ્થાપન કેન્દ્ર ચોથે માળ, સહયોગ બિલ્ડીંગ, જયોતિસંઘ પાછળ, રીલીફ રોડ, જિ.અમદાવાદ | શ્રી જય ઠક્કર, 9099015193 |


**પર્યાવરણ ક્ષેત્રે કરેલી કામગીરી બદલ એજ્યુકેટીવ ડાયરેક્ટરને સન્માનિત કરાયા**

# ‘હરિયાળો બનાસ' બનાવવાની પહેલ માટે બનાસ ડેરીને રાજ્યમાં પ્રથમ એવોર્ડ

પાલનપુર : ગુજરાત ઉર્જા વિકાસ એજન્સી દ્વારા નર્મદા હોલ, સ્વર્ણિમ સંકુલ-1 ગાંધીનગર ખાતે વન અને પર્યાવરણ વિભાગના મંત્રીશ્રી મૂળુભાઈ બેરાના હસ્તે અને વન અને પર્યાવરણ વિભાગના રાજ્યમંત્રીશ્રી મુકેશ પટેલની ઉપસ્થિતિમાં પર્યાવરણ સંરક્ષણના વિવિધ પ્રયાસો કરતા પ્રકૃતિ પ્રેમીઓને ક્લાઈમેટ ચેન્જ પુરસ્કાર 2024-25થી સન્માનિત કરવામાં આવ્યા હતા. જેમાં સંસ્થાકીય શ્રેણીમાં બનાસકાંઠા જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ એટલે કે બનાસ ડેરીને પ્રથમ ક્રમાંક સાથે પુરસ્કૃત કરવામાં આવી હતી. જેમાં બનાસ ડેરીના એક્ઝિક્યુટીવ ડિરેક્ટરશ્રી વિનોદ બાજીયા એવોર્ડ આપી સન્માનિત કરવામાં આવ્યા હતા.

આ પ્રસંગે જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘના એક્ઝિક્યુટીવ ડિરેક્ટરશ્રી વિનોદ બાજીયાએ બનાસ ડેરી અંગે માહિતી આપતા જણાવ્યું હતું કે, બનાસ ડેરી એશિયાની સૌથી મોટી સહકારી ડેરી છે, જે અમૂલ બ્રાંડ નેમ હેઠળનાં તમામ પ્રોડક્ટ બનાવી રહી છે. બનાસ ડેરીએ 1 કરોડ છોડવાઓ વાવીને ‘હરિયાળો બનાસ' બનાવવાની નેમ કરી છે. ગત વર્ષમાં




53.64 લાખ છોડવાઓનું વાવેતર દૂધ ઉત્પાદકોની સહભાગીદારીથી કરવામાં આવ્યું હતું.વધુમાં તેમણે ઉમેર્યું કે, ચેરમેનશ્રી શંકરભાઈ ચૌધરીના નેતૃત્વમાં બનાસ ડેરી જિલ્લામાં પર્વતીય વિસ્તારો હરિયાળું કરવાની બનાસ ડેરીની નેમ છે. જેમાં અંબાજી, દાંતા અને અમીરગઢ વિસ્તારના ડુંગરોમાં સીડ બોલ દ્વારા વૃક્ષારોપણ કરવામાં આવે છે. બનાસ ડેરી દ્વારા દર વર્ષે કરોડો સીડનું રોપણ કરવામાં આવે છે તેમજ વરસાદી પાણીના સંગ્રહ માટે સરકાર, સહકાર તથા લોકભાગીદારીથી 245 અમૃત સરોવર બનાવવામાં આવ્યા છે. ડેરી ઉદ્યોગની સાથે ખેડૂતોમાં પર્યાવરણ પ્રત્યે જાગૃતિ આવે અને જિલ્લામાં વૃક્ષારોપણ વધે તે માટે બનાસ ડેરીના પ્રયત્નોને આજે રાજ્ય સરકારે એવોર્ડ આપી કામગીરીને બિરદાવવામાં આવી હતી.

# ખેતી બેન્કનો વર્ષ 2024-25નો રૂા. 103.10 કરોડનો વિક્રમજનક નફો જાહેર કરતા બેન્કના ચેરમેન ડોલર કોટેચા

અમદાવાદ: દેશના વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી અને સહકારિતા મંત્રીશ્રી અમિતભાઈ શાહના સહકારથી સમૃદ્ધિ' ના મંત્રને સાર્થક કરતી ગુજરાતના ખેડૂતોની પોતાની બેન્ક ખેતી બેન્કની વડી કચેરીએ એની પ્રણાલિ મુજબ નાણાકીય વર્ષ 2024-25ના અંતિમ દિવસે 31મી માર્ચે યોજાયેલી બોર્ડ મિટિંગમાં બેન્કના ડિરેક્ટરોની ઉપસ્થિતિમાં નાણાકીય વર્ષ 2024-25ના વાર્ષિક હિસાબો રજૂ કરાયા હતા.

નાણાકીય વર્ષ 2024-25માં બેન્કે રૂા. 103.10 કરોડનો ગ્રોસ નફો જાહેર કર્યો છે. તેમજ રૂા. 72.05 કરોડનો અનઓડિટેડ પ્રોવિઝનલ નેટ નફો જાહેર કરાયો છે. બેન્કનું સ્વભંડોળ રૂા. 689.88 કરોડ, ધિરાણ રૂા. 975.31 કરોડ, થાપણો રૂા. 255.20 કરોડ એકત્રિત થઈ છે. છેલ્લા ત્રણ વર્ષથી બેન્કની તમામ શાખા નફો કરી રહી છે અને છેલ્લા ત્રણ વર્ષથી 0% નેટ NPA ધરાવતી દેશની સૌ પ્રથમ બેન્ક બની છે. બેન્કના ચેરમેનશ્રી ડોલરભાઈ કોટેચાએ બેન્કે કરેલા વિક્રમજનક નફા માટે બેન્કના કાર્યવાહક મંડળના સદસ્યો, પ્રતિનિધિ સભ્યોએ આપેલા સાથ અને સહકાર બદલ આભાર વ્યક્ત કર્યો હતો. બેન્ક દ્વારા મેળવેલી સિદ્ધિ બદલ બેન્કના અધિકારીઓ અને કર્મચારીઓની કામગીરીને બિરદાવી હતી.




Publisher, Printer & Editor : Dr. Rajendra C. Trivedi, Owner : Gujarat State Cooperative Union, ‘SAHYOG’, Relief Road, Ahmedabad-380001 Published From : Gujarat State Cooperative Union, ‘SAHYOG’, Relief Road, Ahmedabad-380001 Printed at : Bhaskar Printing Press, Survey No. 148-P, Near Naagdevta Temple, Changodar-Bavla Highway, Ta. Sanand, Dist. Ahmedabad, Gujarat.

SAHAKAR GUJARATI FORT-NIGHTLY RNI NO. 1850/57 Regd under postal Regn. No. GAMC-105/2024-2026 valid upto 31-12-2026 issued by the SSPO's, Ahmedabad city on permitted to post at and PSO on 5th and 20th of every month. License to post without prepayment of postage No. PMG/NG/026/2024-2026 Published on 20-04-2025